
₹ ૨૦/-

## ભારત વિશેનો વિચાર




# પ્રભુ અર્પણ

સપ્ટેમ્બર - ૨૦૨૨

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

## Matter shall reveal the Spirit's face

*Sri Aurobindo*

## ભારત દેશના પ્રત્યેક નાગરિક માટે સંદેશ

તમારી ક્ષુદ્ર અહંકારી વ્યક્તિતામાંથી ઉપર ઊઠો અને
ભારતમાતાનાં લાયક સંતાનો બનો.તમારી ફરજોનું પાલન
પ્રામાણિકપણે અને સચ્ચાઈપૂર્વક કરો અને હંમેશાં આનંદી તેમ જ
શ્રદ્ધાવાન બની રહીને પ્રભુની કૃપામાં સતત વિશ્વાસ રાખો.

શ્રી માતાજી

ભારતનું ભાવિ બહુ સ્પષ્ટ છે. ભારત વિશ્વ–ગુરુ છે. વિશ્વના ભાવિ આકારનો આધાર ભારત પર છે. ભારત એક જીવંત આત્મા છે. વિશ્વમાં એ છે આધ્યાત્મિક જ્ઞાનનો અવતાર.

શ્રી માતાજી

# પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

## શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

સપ્ટેમ્બર – ૨૦૨૨ વર્ષ : ૦૮ અંક : ૯

# અનુક્રમ


## ભારત વિશેનો વિચાર


| | |
|---|---|
| ભારતનો આત્મા | ૦૬ |
| ભારતનું મન | ૧૩ |
| ભારતની જીવન-શક્તિ | ૨૬ |
| ભારત માતાનો દેહ | ૩૬ |

*

| | |
|---|---|
| વૃત્ત વિશેષ | ૩૯ |


**તંત્રીનોંધ :** ભારત ખરેખર શું છે ? ભારત વિશે વિધવિધ પ્રકારના વિચારો અને વિચારધારાઓ પ્રવર્તમાન છે; જેમાંની મોટાભાગની વિચારધારાઓ વિચાર અને સમજશક્તિના વિદેશીય દાખલાઓમાંથી ઉછીના લીધેલા દીવાઓ સમાન છે. પરંતુ ભારતને ભારતીય આત્મા દ્વારા થયેલા ભારતદર્શન દ્વારા જ માત્ર સમજી શકાય. આ અંકમાં ભારતીય વિચાર અને ભારતીય આત્માના મહાનતમ પુષ્પ – શ્રી અરવિન્દ દ્વારા પ્રકટ થયેલ ભારત વિશેનો વિચાર રજૂ કરવામાં આવ્યો છે.

દરેક ધર્મ દ્વારા માનવજાતિને મદદ મળેલી છે. અનેક દેવ-દેવીઓમાં માનનાર મૂર્તિપૂજક ધર્મ દ્વારા મનુષ્યમાં સૌન્દર્યનો પ્રકાશ, જીવનની વિશાળતા અને ઉચ્ચતા, અને અનેકમુખી પૂર્ણતા પ્રત્યેની વૃત્તિ વૃદ્ધિગત થયેલી છે; ક્રિશ્ચિયન ધર્મ વડે એને દિવ્ય પ્રેમ અને ઉદારતાનું કાંઈક દર્શન થયેલું છે; બુદ્ધધર્મે તેને વધુ ડાહ્યા, ઋજુ, શુદ્ધ થવાનો ઉમદા માર્ગ દર્શાવ્યો છે, જુડાઈઝમ (યહૂદીઓના ધર્મે) અને ઈસ્લામે તેને ક્રિયામાં પણ કઈ રીતે ધાર્મિક વફાદારી દાખલ કરવી અને ઉત્સાહપૂર્વક પ્રભુ પ્રત્યે ભક્તિભાવભર્યા બની રહેવું એ શીખવાડયું છે, હિંદુ ધર્મે તેની સમક્ષ વધુમાં વધુ વિશાળ અને ગહન તમ આધ્યાત્મિક શક્યતાઓ ખુલ્લી મૂકી છે. પ્રભુને જોવાની આ સઘળી રીતો જો એકબીજાને ભેટીને એકબીજાના સ્વરૂપમાં પોતાને ઢાળી શકે તો એક મોટું કામ થઈ જાય; પણ બૌદ્ધિક મતાંધતા અને સાંપ્રદાયિક અહંકાર તેમ થવામાં આડે આવે છે.

**શ્રી અરવિન્દ**

(શતાબ્દી પુસ્તક : ધર્મ : પૃ. ૧૭)

એટલે જ્યારે એમ કહેવામાં આવે છે કે ભારતનો ઉદય થશે, ત્યારે સનાતન ધર્મ ઉદય પામશે. જ્યારે એમ જણાવવામાં આવે છે કે ભારત મહાન બનશે ત્યારે સનાતન ધર્મ મહાન બનશે. જ્યારે એમ કહેવામાં આવે છે કે ભારત વિસ્તાર સાધશે, વિસ્તૃત થશે ત્યારે એનો અર્થ એ કે **સનાતન ધર્મ** વિસ્તાર સાધશે અને વિશ્વ ઉપર પ્રસરી જશે. ભારત ધર્મને ખાતર તથા ધર્મ દ્વારા અસ્તિત્વ ધારે છે...

પરંતુ હિંદુ ધર્મ એટલે શું ? આપણે જેને સનાતન, શાશ્વત ધર્મ કહીએ છીએ તે કયો ધર્મ છે ? એવો ધર્મ એક હિંદુ ધર્મ જ છે. કારણ કે હિંદુ પ્રજાએ એને સાચવ્યો છે. હિંદના આ દ્વીપકલ્પ ઉપર, હિમાલય અને સાગરની વચ્ચે આવેલી આ શાંત ભૂમિમાં એ ધર્મ વૃદ્ધિ પામ્યો છે, કાળના અનંત પ્રવાહમાં એને સુરક્ષિત રાખવા માટે આ પુરાતન અને પુણ્ય ભૂમિમાં તે આર્ય પ્રજાને સોંપાયો છે. પરંતુ એ ધર્મ કોઈ એક જ દેશની સીમામાં પુરાઈ રહેલો નથી. જગતના કોઈ એક નાનકડા પ્રદેશની સદાકાળ માટે એ કોઈ આગવી મિલકત નથી. આપણે જેને હિંદુ ધર્મ કહીએ છીએ તે સાચા અર્થમાં શાશ્વત ધર્મ છે. એ જ એક એવો વ્યાપક ધર્મ છે કે જે બીજા બધા ધર્મોને પોતામાં સમાવી લે છે. જે ધર્મ સમસ્ત જગતને ખાતર ન હોય તે કદી શાશ્વત ધર્મ બની શકે નહિ. જે ધર્મ સંકુચિત હોય, સાંપ્રદાયિક હોય, અમુકને માટે જ હોય, તેનું જીવન અમુક મર્યાદિત કાળ સુધી જ, અને અમુક હેતુ પૂરતું જ ટકી શકે. પરંતુ હિંદુ ધર્મ જ એક એવો છે કે જેણે ભૌતિક વિદ્યાની શોધખોળો તથા તત્ત્વજ્ઞાનનાં મંતવ્યોનું સ્વરૂપ પહેલેથી પામી જઈને તેમને પોતામાં અંતર્ગત કરી લીધાં હોવાથી પોતે જડવાદ ઉપર વિજય પામવાને સમર્થ છે. આ જ એકમાત્ર ધર્મ છે જે, પ્રભુ આપણી કેટલો બધો સમીપ છે એ સત્ય માનવજાતિને સચોટ રીતે દર્શાવે છે અને પ્રભુપ્રાપ્તિના સર્વ શક્ય માર્ગોનો પોતાનામાં સમાવેશ કરે છે. આ જ એકમાત્ર એવો ધર્મ છે જે સર્વ ધર્મોમાં રહેલા આ સત્ય ઉપર હર પળે ભાર મૂકે છે કે માણસમાત્રમાં, પદાર્થમાત્રમાં પ્રભુ રહ્યો છે, આપણી સઘળી ગતિ અને સ્થિતિ તેનામાં જ રહેલાં છે. આ જ એકમાત્ર ધર્મ છે જે આપણને આ સત્યને બુદ્ધિ દ્વારા સમજવામાં અને શ્રદ્ધા વડે માનવામાં સહાય કરે છે. એટલું જ નહિ, પણ આપણા એકેએક કરણ દ્વારા તેનો સાક્ષાત્કાર કરાવી શકે છે. આ જ એક એવો ધર્મ છે જે જગતને દર્શાવે છે કે તેનું સ્વરૂપ શું છે : તે વાસુદેવની લીલા છે. આ જ એક એવો ધર્મ છે જે આપણને સમજાવે છે કે એ લીલામાં આપણે આપણો ભાગ કેવી રીતે ઉત્તમ પ્રકારે ભજવી શકીએ અને એ લીલાના અત્યંત સૂક્ષ્મ અને ઉદાત્ત નિયમો ક્યા કયા છે. આ જ એક એવો ધર્મ છે જે જીવનની ક્ષુદ્રમાં ક્ષુદ્ર વસ્તુઓને ધર્મથી છૂટી પાડતો નથી. અમૃતત્વ શું છે તે આ ધર્મ જાણે છે અને એ જ્ઞાન આપીને મૃત્યુની વાસ્તવિકતાને આપણે માટે સંપૂર્ણપણે નિર્મૂળ કરે છે. (ઉત્તરપાડા વ્યાખ્યાન)

# ભારતનો આત્મા

**એકમેવાદ્વિતીયમ : અનન્ય**

ભારતીય ધાર્મિક માનસની આ સમન્વયકારી વિશિષ્ટતા અને સર્વગ્રાહી એકતા પર ભાર મૂકવો જરૂરી છે, કારણ કે તે સિવાય ભારતીય જીવનનો સમગ્ર અર્થ અને ભારતીય સંસ્કૃતિની આખી સમજ આપણે ગુમાવીશું. આ એક વિશાળ અને ઢળણશીલ વિશિષ્ટતા આપણે માન્ય રાખીશું, તો જ જાતિના જીવન પર તેમ જ વ્યક્તિગત જીવન પર તેની થયેલી સમગ્ર અસરને સમજી શકીશું. અને જો આપણને પૂછવામાં આવે કે, ''આખરે હિંદુત્વ છે શું, તે શું શીખવે છે, તે શું આચરે છે, તેનાં સામાન્ય અંગો કયાં?'', તો આપણે કહી શકીએ કે ભારતીય ધર્મ ત્રણ પાયાના વિચારો પર અથવા કહો કે સર્વોચ્ચ અને અત્યંત વિસ્તૃત આધ્યાત્મિક અનુભૂતિનાં ત્રણ મૂળભૂત તત્ત્વો પર પ્રતિષ્ઠિત છે. સૌથી પ્રથમ છે વેદનું એક સત્, જેને ઋષિઓ ભિન્ન ભિન્ન નામો આપે છે; ઉપનિષદનું એકમેવાદ્વિતીય, જે, જે કાંઈ છે તે સૌ છે અને તેનાથી પર છે; જે બૌદ્ધોનું સ્થાયી (Permanent) છે, માયાવાદીઓનું બ્રહ્મ છે, આસ્તિકોનો પરમ ઈશ્વર કે પુરુષ છે, જે પોતાનામાં આત્મા અને પ્રકૃતિને ધારણ કરી રહ્યો છે, – ટૂંકમાં, આ શાશ્વત, એ અનંત. આ થયો પ્રારંભિક સામાન્ય પાયો; પણ માનવી બુદ્ધિ આને અનેક સૂત્રોની અપાર વિવિધતામાં અભિવ્યક્ત કરી શકે છે અને કરે છે. આ સ્થાયી, આ અનંત, આ શાશ્વતની સાથે જે કોઈ પ્રકારે, જેટલે અંશે એકત્વ સ્થાપીને તેને શોધવું, તેને નિકટથી પામવું અને તેમાં પ્રવેશ કરવો, એ તેની આધ્યાત્મિક અનુભૂતિનું સર્વોચ્ચ શિખર અને તેનો અંતિમ પ્રયત્ન છે. ભારતીય ધાર્મિક માનસનો આ પ્રથમ સાર્વત્રિક શ્રદ્ધાભાવ થયો. (ભારતીય સંસ્કૃતિના પાયા : ૧૪૯-૧૫૦)

*

**એક અને અનંત પરત્વેનો બહુવિધ અભિગમ**

આ પાયાની વાતોને તમે ગમે તે સૂત્રરૂપે સ્વીકારો, ભારતમાં માન્ય થયેલા હજારો પંથોમાંથી ગમે તે પંથે આ મહાન આધ્યાત્મિક લક્ષ્યને અનુસરો અથવા તેમાંથી શાખા રૂપે નીકળતા અન્ય કોઈ નવે માર્ગે જાઓ, છતાંય તમે આ ધર્મના હાર્દને પામ્યા છો. કારણ કે, તેનો બીજો પાયાનો વિચાર છે મનુષ્યનો શાશ્વત અને અનંત પ્રત્યેનો અનેક માર્ગે થતો અભિગમ. એ અનંત ઘણી અનંતતાઓનો ભરેલો છે, અને આમાંની પ્રત્યેક અનંતતા સ્વયમેવ શાશ્વત છે. અને અહીં વિશ્વ-જગતની સીમાઓમાં પ્રભુ પોતાનો આવિર્ભાવ કરે છે અને જગતમાં અનેક રીતે પોતાને ચરિતાર્થ કરે છે, અને છતાં તે પ્રત્યેક એ શાશ્વતની રીત છે. કારણ કે, એ અનંતને પ્રત્યેક અંતવાનમાં આપણે શોધી શકીએ છીએ અને સઘળી વસ્તુઓનાં તેનાં સ્વરૂપો અને પ્રતીકો દ્વારા પામી શકીએ છીએ; એ

એક સત્ ની બધી વૈશ્વિક શક્તિઓ આવિર્ભાવ છે, બધાં બળ બળ છે. પ્રકૃતિનાં કાર્યોની પાછળ રહેલા દેવોને એક દેવતાની શક્તિઓ તરીકે, નામ તરીકે, વ્યક્તિતાઓ તરીકે જોવાનાં ને આરાધવાનાં છે. સઘળી ઘટનાઓની પાછળ, પછી તે ઘટનાઓ આપણને સારી કે ખોટી, સ્વીકાર્ય કે અસ્વીકાર્ય, ભાગ્યશાળી કે દુર્ભાગી જણાય, – તે સૌની પાછળ એક અનંત ચિત્-શક્તિ, કર્મ-વિધાયક ઊર્જા (Energy), સંકલ્પ અથવા ઋત, માયા, પ્રકૃતિ, શક્તિ કે કર્મ રહેલાં છે. એ અનંત સર્જે છે અને એ છે બ્રહ્મા; એ પાલન કરે છે અને એ છે વિષ્ણુ; એ સંહાર કરે છે અથવા પાછું ખેંચી લે છે, અને એ છે રુદ્ર કે શિવ. એ પરમ શક્તિ, જે પુષ્ટિ અને રક્ષણમાં કલ્યાણકારી છે કે જગતોની માતા તરીકે જે રૂપદાયિત્રી છે, તે છે લક્ષ્મી કે દુર્ગા. અથવા સંહારનો બુરખો ઓઢીને પણ જે કૃપાળુ છે તે છે ચંડી કે કાલિ, – કાળી માતા. એક જ દેવતા અને અનેક નામો અને દેવોમાં પોતાના ગુણોના આકાર ધારણ કરીને આવિર્ભાવ પામે છે. વૈષ્ણવોના દિવ્ય પ્રેમના દેવતા, શાકતોના દિવ્ય શક્તિના દેવતા, બે જુદાં દેવ-સ્વરૂપો તરીકે વરતાય છે; પરંતુ સાચી રીતે જોતાં ભિન્ન ભિન્ન આકારોમાં તે એક જ અનંત દેવ છે.* આ પરમને આમાંનાં કોઈ પણ નામો કે રૂપો દ્વારા સાધી શકાય છે, જ્ઞાનપૂર્વક કે અજ્ઞાનપૂર્વક; કારણ કે, તેમના દ્વારા અને તેમનાથી પણ આપણે આખરે એક પરમ અનુભૂતિને પામવાનાં છીએ.

(એજન : ૧૫૦-૧૫૧)

*

## પ્રત્યેક મનુષ્યના અંતરમાં રહેલા ઈશ્વર

ભારતીય ધર્મના પાયામાં સૌથી પ્રબળ મહત્ત્વ ધરાવતો વિચાર આંતરિક આધ્યાત્મિક જીવનને માટે અત્યંત ક્રિયાત્મક રૂપે રહેલો છે. અને તે એ છે કે જ્યારે તે પરમ (Supreme) કે દિવ્યને વિશ્વચેતના દ્વારા અને સઘળી આંતરબાહ્ય પ્રકૃતિને ભેદીને પામી શકાય છે, ત્યારે 'તત્' કે 'સઃ' ને પ્રત્યેક વ્યક્તિગત આત્મા પોતામાં, પોતાના આધ્યાત્મિક ભાગમાં પ્રાપ્ત કરી શકે છે; કારણ કે, તેનામાં એવું કંઈક છે જે એક દિવ્ય અસ્તિત્વની સાથે કાં તો ઘનિષ્ઠ ભાવે એક છે, કાં તો તેની સાથે ઘનિષ્ઠ ભાવે સંબંધ ધરાવતું હોય છે. ભારતીય ધર્મનું સારતત્ત્વ એવી રીતે વિકસિત થવાનું અને એવી રીતે જીવવાનું લક્ષ્ય રાખે છે, જેથી કરીને આપણા મન અને જીવન પર આત્મજ્ઞાનને ઢાંકી દેતું અજ્ઞાનનું જે પડળ છે તેમાંથી આપણે બહાર નીકળી જઈ શકીએ, અને આપણામાં રહેલા અંતરદેવતાને વિશે સજાગ બની શકીએ. આ ત્રણે વાતોને એકસાથે મૂકો એટલે

* ભારતીય બહુદેવતાવાદની આ સમજૂતી પશ્ચિમના ઠપકાને પહોંચી વળવાને ઉપજાવી કાઢેલી આધુનિક શોધ નથી; ગીતામાં તેનો સ્પષ્ટ ઉલ્લેખ મળે છે; અને, તેથીય પહેલાં ઉપનિષદોમાં તેનો અર્થ મળી આવે છે; પ્રાચીન કાળના એ પ્રથમ દિવસોમાં ઘણા શબ્દોમાં વેદના 'આદિ' કવિઓએ (સાચી રીતે જોતાં ઊંડા મરમીઓએ) તેનાં સ્પષ્ટ વિધાન કરેલાં છે.

તેમાં આખો હિંદુધર્મ આવી ગયો, તેનો સારાંશ આવી ગયો અને તમારે જો શ્રદ્ધાભાવ જોઈતો હોય તો આ છે શ્રદ્ધાભાવ (Credo). (એજન : ૧૫૧)

*

## એક દેવ અને અનેક દેવો

ભારતીય ધર્મ કાલરહિત, નામરહિત અને આકારરહિત પરમ (Supreme)ના ખ્યાલ પર પ્રતિષ્ઠિત થયો છે, પણ તેથી કરીને પાછળની અપરિપક્વ જાતિઓનાં સંકીર્ણ અને વધુ અજ્ઞાન એકેશ્વરવાદોની માફક શાશ્વત અને અનંતનાં વચગાળાનાં સર્વે આકારો, નામો, શક્તિઓ, વ્યક્તિઓનો અસ્વીકાર કરવાની કે નષ્ટ કરવાની તેને જરૂર જણાઈ નહોતી. કોઈ વર્ણરહિત અદ્વૈત, કે કોઈ ફિક્કો ઝાંખો અનુભવાતીત ઈશ્વરવાદ તેનો આદિ, મધ્ય કે અંત નથી. એક પરમ દેવ સર્વ તરીકે પૂજાય છે, કારણ કે વિશ્વમાં જે કંઈ છે તે તે જ છે, અથવા તેની સત્‌તા કે તેની પ્રકૃતિમાંથી બનેલું છે. પરંતુ આથી કરીને ભારતીય ધર્મ પાનથીઈઝમ (સર્વદેવવાદ) થતો નથી; કારણ કે, આ સર્વત્વથી પર તે વિશ્વાતીત શાશ્વતને સ્વીકારે છે. ભારતીય બહુદેવવાદ (polytheism) પ્રાચીન યુરોપમાં જાણીતો પોલિથીઈઝમ નથી; કારણ કે, અહીં ઘણા દેવોની પૂજા કરતો હોવા છતાં પૂજક જાણે છે કે તેના સઘળા દેવો તે એક (One) આકૃતિઓ, નામો, વ્યક્તિતાઓ અને શક્તિઓ છે; તેના દેવો એક 'પુરુષ'માંથી પ્રગટેલા છે, તેની દેવીઓ તે એક દિવ્ય શક્તિની ઊર્જાઓ છે. ભારતીય સંપ્રદાયના એવા પ્રકારો જે ઈશ્વરવાદના લોકવિદિત સ્વરૂપની સાથે મળતા આવે છે એ તો આથીય વધુ છે; કારણ કે, તેઓ ભગવાનનાં ઘણાં પાસાંઓને સ્વીકારે છે, બાદ કરતા નથી. ભારતીય પ્રતિમા-પૂજા (image-worship) કોઈ બર્બર કે અણવિકસિત નની મૂર્તિપૂજા (idolatry) નથી; કારણ કે, સૌથી અજ્ઞાન જન પણ જાણે છે કે પ્રતિમા કે મૂર્તિ એક પ્રતીક છે, એક આધાર છે અને જ્યારે તેની જરૂર ન જણાય તેને તે તિલાંજલિ આપી શકે છે. (એજન : ૧૪૮)

*

## દેવતાઓ અને દેવીઓ

વેદિક દેવો અને દેવીઓ પોતાના ભૌતિક દેખાવ વડે અશ્રદ્ધાળુઓથી પોતાનું ચૈત્યાત્મક અને આધ્યાત્મિક મહત્ત્વ છુપાવે છે. પુરાણની ત્રિમૂર્તિ અને તેમની સ્ત્રીશક્તિઓનાં સ્વરૂપોનો, આથી ઊલટી રીતે, ભૌતિક મન કે કલ્પનાને માટે કશો જ અર્થ નથી; ખરી રીતે, એ સૌ સર્વસૃષ્ટિકર્તા પરમ દેવનાં બહુત્વ અને એકત્વનાં તાત્ત્વિક અને ચૈત્યાત્મક ધ્યેયો અને મૂર્તસ્વરૂપો છે. પૌરાણિક સંપ્રદાયોને વૈદિક ધર્મના અધઃ પતન તરીકે લેખવામાં આવ્યા છે; પરંતુ વિચારપૂર્વક જોતાં તેમને તેનો વિસ્તાર અને પ્રગતિ ગણાય, – અલબત્ત, તત્ત્વતઃ નહિ, કારણ કે, એ તો હમેશાં એક જ હોય છે,પણ તેમની બહારની દિશાતરફી ગતિવિધિ જોતાં. મૂર્તિપૂજા, મંદિરની ઉપાસના-પદ્ધતિ અને પુષ્કળ ધાર્મિક ક્રિયાઓ એ અનિવાર્યપણે અધઃપતન નથી, – પછી ભલે તેમનો દુરુપયોગ ગમે તેટલા વહેમો કે બાહ્યતા તરફ તેમને દોરી જતો હોય. વૈદિક

ધર્મને મૂર્તિઓની આવશ્યકતા નહોતી; કારણ કે, તેમના દેવતાઓનાં ભૌતિક ચિહ્નો ભૌતિક પ્રકૃતિનાં રૂપો હતાં, અને આ બહારનું જગત તેમનું દેખીતું ધામ (નિવાસ) હતું. પૌરાણિક ધર્મ આપણા અંતરમાં રહેલા દેવતાનાં ચૈત્યાત્મક રૂપોને પૂજતો હતો; તેની તેમને પ્રતીકાત્મક આકૃતિઓમાં સ્થૂળ રીતે અભિવ્યક્તિ કરવી પડી હતી, વિશ્વાત્મક સાંકેતિક મહત્ત્વ ધરાવતા સ્થાપત્ય સ્વરૂપના ચિહ્ન તરીકેનાં મંદિરોમાં તેમની પ્રતિષ્ઠા કરવામાં આવતી હતી. અને તેને અભિપ્રેત ખુદ આંતરિકતાને લઈને ભૌતિક કલ્પના અને દૃષ્ટિની સમક્ષ આ આંતરિક વસ્તુઓની જટિલતાને મૂર્તિમંત કરવા બાહ્ય પ્રતીકના પ્રાચુર્યની આવશ્યકતા ઊભી થઈ હતી. ધાર્મિક રસબોધાત્મક સ્વરૂપ બદલાઈ ગયું છે, પરંતુ ધર્મનો અર્થ માત્ર પ્રકૃતિની અને ઢબની દૃષ્ટિએ પરિવર્તનને પામ્યો છે, તેના નિષ્કર્ષની દૃષ્ટિએ નહિ. ખરો ફરક આ પ્રમાણે છે : પ્રાચીન ધર્મ, ભૌતિક જગતના જીવન વડે ઘણેખરે અંશે પ્રભાવિત થતા લોકસમુદાયની વચ્ચે રહેતા, ઉચ્ચ કોટિના મરમી અને આધ્યાત્મિક અનુભૂતિવાળા માણસોથી ઉદ્‌ભવ્યો હતો; ઉપનિષદોએ એ ભૌતિક આવરણને દૂર કર્યું, અને એક મુક્ત પરાત્પર અને વિશ્વદર્શન સર્જ્યું, અને પાછળથી એ સૌને એવાં પ્રતિરૂપોમાં લોકોની સમક્ષ અભિવ્યક્ત કરવામાં આવ્યું, જેમાં એક સુવિશાળ તાત્ત્વિક તથા બૌદ્ધિક અર્થ સમાયો હતો, જેનાં ત્રિમૂર્તિ અને વિષ્ણુ અને શિવની શક્તિઓ (Shaktis) મધ્યવર્તી આકૃતિઓ છે; પુરાણોએ બુદ્ધિને અને કલ્પનાને થતા સંસ્પર્શને આગળ ધપાવ્યો અને ચૈત્યાત્મક અનુભૂતિ, લાગણીઓ, સૌન્દર્યાત્મક ઉપલબ્ધિ અને ઈન્દ્રિયોને માટે તેને જીવંત બનાવ્યો. (એજન : ૩૪૦)

*

## વૈદિક યોગ

પરંતુ વેદિક શિક્ષણનું સૌથી મહત્ત્વનું સામર્થ્ય, જે પાછળનાં સૌ ભારતીય દર્શનો, ધર્મો, યોગ-પદ્ધતિઓના મૂળમાં જણાતું હતું, તે માનવના આંતરિક જીવનમાં તેના વિનિયોગમાં રહેલું છે. આ ભૌતિક વિશ્વમાં મનુષ્ય મૃત્યુને અધીન અને મર્ત્ય અસ્તિત્વનાં 'ઘણાં અસત્'ની સાથે જીવી રહ્યો છે. આ મૃત્યુથી ઉપર જવા માટે, અમરોમાંના એક થવાને માટે, તેણે અસત્માંથી સત્ય તરફ વળવું જરૂરી છે; તેણે પ્રકાશ તરફ વળવું પડે છે અને અંધકારની શક્તિઓની સામે ઝઝૂમીને વિજય મેળવવાનો રહે છે. દૈવી શક્તિનો સંસર્ગ સાધીને, તેમની સહાયથી તે આમ કરે છે; આ સહાયને નીચે આણવાની રીત એ વૈદિક મરમીઓનું રહસ્ય હતું. દુનિયામાં સર્વત્ર ગુપ્ત તત્ત્વોની રીતે, બહારના યજ્ઞનાં પ્રતીકોને આ હેતુસર એક આંતરિક અર્થ આપવામાં આવે છે; માનવવ્યક્તિમાં દેવોનાં આવાહન, યજ્ઞનું જોડાણ, પારસ્પરિક આદાન-પ્રદાન, સહાય અને સંસર્ગના એ સંકેતો છે. મનુષ્યની ભીતર દેવતાઓની શક્તિઓનું સુગઠન થાય છે અને દિવ્ય પ્રકૃતિનું સાર્વભૌમત્વ આકાર ધારણ કરે છે, કારણ કે, દેવો સત્યના પાલકો અને સંવર્ધકો છે, અમર્ત્યની શક્તિઓ છે, અનંત માતાના પુત્રો છે; અમૃતત્વનો માર્ગ દેવોનો ઊંચે જતો માર્ગ છે, સત્યનો માર્ગ છે, એ એક મુસાફરી છે, – એ એક મુસાફરી

છે, એક આરોહણ છે, જેને લઈને સત્યના ધર્મનો વિકાસ થાય છે (ऋतस्य पन्था). માનવ આ અમૃતત્વને, માત્ર પોતાના ભૌતિક સ્વરૂપની તો શું, પણ તેના માનસિક અને સામાન્ય ચૈતસિક સ્વભાવની મર્યાદાઓને ઓળંગીને સત્યની ઊંચામાં ઊંચી ભૂમિકા અને પરમ વ્યોમમાં સંધાન પામે, ત્યારે પામે છે : કારણ કે, અમૃતત્વનો પાયો અને ત્રિવિધ અનંતની અસલ પીઠ ત્યાં છે. આવા બધા વિચારો પણ વૈદિક ઋષિઓએ એક ગહન મનોવૈજ્ઞાનિક અને ચિન્મય શિક્ષણ-પ્રણાલી ઘડી કાઢી, અને તે પોતાથી પર એવી સર્વોચ્ચ આધ્યાત્મિકતા તરફ દોરી ગઈ. પાછળના ભારતીય યોગનું કેન્દ્રગત બીજ આમાં સમાયેલું છે.

(એજન : ૧૫૮-૧૫૯)

*

## ઉપનિષદો

ઉપનિષદો ભારતીય મનનાં સર્વોત્કૃષ્ટ સર્જનો છે; એની પ્રતિભાની ઉચ્ચતમ સ્વાભિવ્યક્તિ, એની અતિ ભવ્ય કવિતા, એના વિચાર અને વાણીનું સર્વોત્તમ સર્જન કોઈ સાધારણ કોટિની સાહિત્યિક કે કાવ્યમય સર્વોત્કૃષ્ટ કૃતિ નથી, પણ આ પ્રકારના પ્રત્યક્ષ અને ગભીર લક્ષણવાળા આધ્યાત્મિક પ્રકટીકરણનું એક વિશાળ પૂર છે, એ એક અર્થસૂચક હકીકત છે અને એક અનુપમ માનસ અને આત્માના અસાધારણ પ્રકારનો પુરાવો છે. ઉપનિષદો એકીસાથે ગભીર ધર્મશાસ્ત્રો છે, – કારણ કે, ગહન તમ આધ્યાત્મિક અનુભૂતિઓની એ વહી છે, – અખૂટ પ્રકાશ, શકિત અને ભૂમાના દૈવીજ્ઞાનવિષયક અને અંતઃપ્રજ્ઞાત્મક દર્શનના દસ્તાવેજો છે; એ પદ્યમાં રચાયાં હોય કે સ્વરના લયાત્મક ગદ્યમાં રચાયાં હોય, પણ એ અધ્યાત્મસભર કાવ્યો છે, – પદબંધમાં અબાધિત અફર પ્રેરણાની અનિવાર્યતાવાળાં અને લય તેમ જ અભિવ્યક્તિમાં વિસ્મયજનક એ એક એવા મનની અભિવ્યક્તિ છે જ્યાં દર્શન, ધર્મ અને કાવ્ય એકત્વને પામે છેઃ કારણ કે, આ ધર્મ કોઈ સંપ્રદાયમાં પરિણમતો ધર્મ નથી અથવા કોઈ ધાર્મિક-નૈતિક અભીપ્સાથી મર્યાદિત નથી, પણ તે ભગવાન, આત્મા, આપણા અંતરાત્મા અને સત્‌તાની સર્વોચ્ચ અને સમગ્ર વાસ્તવિકતાની અનંત ખોળ કરવાને ઊર્ધ્વમાં આરોહણ કરે છે અને પ્રકાશમય જ્ઞાન અને અનુપ્રાણિત તેમ જ ચરિતાર્થ થયેલ અનુભૂતિના પરમ આનંદમાં રહ્યાં રહ્યાં ઉચ્ચરે છે; આ દર્શન કે (તત્ત્વજ્ઞાન), સત્યવિષયક કોઈ ભાવાત્મક (abstract) બૌદ્ધિક તર્ક નથી, અથવા તાર્કિક બુદ્ધિશક્તિની કોઈ રચના નથી, પણ જોવાયેલા, અનુભવાયેલા, જીવાયેલા, અંતરતમ મન અને આત્માએ ધારણ કરેલા સત્યનો ઉદ્‌ગાર છે, પ્રતીતિપૂર્વકની શોધ અને અધિકૃતતાના આનંદનો ઉદ્‌ગાર છે; આ કાવ્ય એક એવા સૌન્દર્યાત્મક મનની કૃતિ છે, જે પોતાના સામાન્ય ક્ષેત્રથી ઉપર ઊંચકાઈ છે, જે આત્મા, ભગવાન અને વિશ્વના ગભીરતમ પ્રકાશિત સત્ય અને વિરલતમ આધ્યાત્મિક સ્વદર્શનનાં આશ્ચર્ય અને સૌન્દર્યને અભિવ્યકત કરે છે. અહીં વેદના

ક્રાંતદર્શીઓનાં અંતઃપ્રજ્ઞ મન અને ગાઢ મનોવૈજ્ઞાનિક અનુભૂતિ એક એવી પરાકાષ્ઠાએ પહોંચે છે, જ્યાં, કઠોપનિષદમાં જણાવ્યા પ્રમાણે, અંતરનો પ્રાણ-પુરુષ પોતાનો દેહ ખુલ્લો કરે છે, પોતાની સ્વાભિવ્યક્તિનો તળપદો શબ્દ પ્રગટ કરે છે અને મનની સમક્ષ લયનાં સ્પંદનોને, અધ્યાત્મશ્રુતિમાં ભીતરથી પુનરાવર્તન પામતાં, આત્માનું પુનર્ગઠન કરતાં અને જ્ઞાનની ઊંચાઈઓ પર તુષ્ટિ પામીને તેને સંપૂર્ણ પ્રતિષ્ઠિત કરતાં, ખુલ્લાં કરી આપે છે. (એજન : ૨૯૫-૨૯૬)

*

## વિશ્વોની ચઢતા ક્રમની શ્રેણી

આ આંતર વૈદિક ધર્મની શરૂઆત બ્રહ્માંડમાં રહેલા દેવતાઓના ચૈતસિક મહત્ત્વના વિસ્તારથી થાય છે. તેનો પ્રાથમિક ખ્યાલ એ હતો કે લોકો (Worlds) ની એક ચડતી-ઊતરતી શ્રેણી છે, સૃષ્ટિમાં સત્‌તાની ભૂમિકાઓની ઊંચે જતી સોપાનપરંપરા છે. સૃષ્ટિની આ આરોહણ કરતી ભૂમિકાઓની સાથે માનવપ્રકૃતિમાં રહેલી ભૂમિકાઓની કે કક્ષાઓની કે ચેતનાના સ્તરોની આરોહણક્રિયા મળતી આવે છે. એક સત્ય, ઋત અને ધર્મ, પ્રકૃતિના આ બધા સ્તરોનું પાલન કરે છે અને શાસન કરે છે; તત્ત્વમાં એક હોવા છતાં તે આમાં ભિન્ન પણ સજાતીય રૂપો ધારણ કરે છે. દાખલા તરીકે, બહારના ભૌતિક પ્રકાશનો એક ક્રમ છે, બીજો એક ઉચ્ચતર અને આંતર પ્રકાશ છે, જે માનસિક, પ્રાણિક અને ચૈતસિક ચેતનાનું વાહન છે અને આધ્યાત્મિક જ્યોતિનો એક સૌથી ઊંચો અંતરતમ પ્રકાશ છે. સૂર્યદેવ ભૌતિક પ્રકાશદાતા સૂર્યના ઈશ્વર છે; પણ સાથે સાથે વૈદિક ક્રાંતદર્શી કવિની દૃષ્ટિએ તે જ્ઞાનનાં રશ્મિઓનો દાતા છે, જે મનને ઉજાળે છે, અને વળી આધ્યાત્મિક જ્યોતિનો આત્મા, શક્તિ અને દેહ પણ તે જ છે. અને આ સૌ શક્તિઓમાં તે એક અને અનંત પરમદેવનું આલોકમય સ્વરૂપ છે. વેદના બધા જ દેવોને આમ ત્રણ પ્રકારનાં કાર્યો વરેલાં છે : બાહ્ય, આંતરિક અને અંતરતમ; તેમનાં નામો જ્ઞાત અને ગુપ્ત હોય છે. તેમના બાહ્ય સ્વરૂપે એ સઘળા ભૌતિક પ્રકારની શક્તિઓ છે; તેમના આંતરિક અર્થમાં એક ચૈતસિક ક્રિયા અને મનોવૈજ્ઞાનિક ઘટનાઓનાં કારણભૂત તત્ત્વો છે; બધાય કોઈ એક પરમ વાસ્તવિકતાની (एकं सत्) વિવિધ સત્તાઓ છે. ભાગ્યે જ જાણી શકાય એવા આ પરમને (Supreme) વેદમાં વારંવાર 'તત્ સત્યમ્' કે 'તદ્ એકમ્' કહ્યું છે. વેદના દેવોની આ જટિલ વિશિષ્ટતા એવાં રૂપો ધારણ કરે છે કે, જેઓ તેમના પર માત્ર તેમના બહારના ભૌતિક મહત્ત્વનું આરોપણ કરે છે, તેઓ તેમને બિલકુલ સમજી શકતા નથી. આ દેવોમાંનો પ્રત્યેક પોતે એક સત્‌ની પૂર્ણ અને વિભિન્ન વૈશ્વિક વ્યક્તિતા છે અને તેમની સત્તાઓના એકત્રિતરૂપે તેઓ સંપૂર્ણ સાર્વભૌમ સત્તા બન્ને છે (वैश्वदेव्यम्). વળી પ્રત્યેક, પોતાની વિશિષ્ટ ક્રિયા ઉપરાંત, બીજાઓની સાથે એક દેવતા છે; પ્રત્યેક સાર્વભૌમ દિવ્યતા ધારણ કરે છે, પ્રત્યેક દેવ બીજા સઘળા દેવો છે.

(એજન : ૧૫૭-૧૫૮)

# ભારતનું મન

## દેવોની ભાષા

સંસ્કૃત ભાષાનાં પ્રાચીન તેમ જ શિષ્ટ સર્જનો, તેમની ગુણવત્તા તેમ જ વિપુલતા અને ઉત્કૃષ્ટતાની સમૃદ્ધિની દૃષ્ટિએ, તેમની સમર્થ મૌલિકતા, જુસ્સો અને સૌન્દર્યની દૃષ્ટિએ, તેમનું સત્ત્વ, કળા અને રચનાની દૃષ્ટિએ, તેમની ભવ્યતા, યથાર્થતા અને વાઙ્ માધુર્યની દૃષ્ટિએ, તેમના પ્રાણની ગતિની ઉચ્ચતા અને વિશાળતાની દૃષ્ટિએ, દુનિયાના મહાન સાહિત્યસર્જનોની આગલી હરોળમાં સ્વાભાવિક રીતે જ પ્રતિષ્ઠા પામે તેવાં છે. યોગ્ય ન્યાય આપી શકે તેવી અધિકારસંપન્ન વ્યક્તિઓને હાથે સર્વ રીતે માન્ય થયેલી સંસ્કૃત ભાષા પણ માનવમને, સાહિત્યસર્જનના સાધન તરીકે, પૂરતા પ્રમાણમાં એક ભવ્ય, પૂર્ણ અને આશ્ચર્યકારક સાધન તરીકે વિકસાવેલી છે. એ ભાષા કેવી તો ગૌરવશાળી, મધુર અને મુલાયમ છે, બળવાન અને સ્પષ્ટ આકારવાળી છે, ભરીભરી, સ્પંદનશીલ અને સૂક્ષ્મ છે ! જે સંસ્કૃતિનું તે પ્રતિબિંબિત માધ્યમ હતી, જે જાતિના માનસને તે અભિવ્યક્ત કરતી હતી, તેની ગુણવત્તા અને લાક્ષણિકતાના, તેની પોતાની જ ગુણવત્તા અને લાક્ષણિકતા, એક પૂરતા પુરાવારૂપ હતી. જે કવિ કે જે વિચારકે તેનો જે મહાન અને ઉદાત્ત ઉપયોગ કર્યો છે તેને લઇને તેની શક્તિની ગરિમામાંથી તે કદાપિ ચ્યુત થઈ નથી. ભારતીય માનસે માત્ર સંસ્કૃત ભાષામાં જ પોતાનાં ઉચ્ચ અને સુંદર અને પૂર્ણ સર્જનો કર્યાં છે તેમ નથી, જોકે તેનાં ઘણાંખરાં આગળ પડતાં, નિર્માણશીલ અને સર્વોત્તમ સર્જનો તેણે તેમાં જ પ્રગટ કર્યાં છે. એક સંપૂર્ણ અંદાજ કાઢવો હોય તો પાલિભાષામાં પ્રગટ થયેલા બૌદ્ધ સાહિત્યને પણ આવરી લેવું જરૂરી ગણાય; તદુપરાંત એવાં કેટલાંક કાવ્યસર્જનો જેમની ઉત્પત્તિ ક્યાંક વધુ થઈ હોય, ક્યાંક અલ્પ થઈ હોય, એવી સંસ્કૃતમાંથી ઉત્પન્ન થયેલી, અને દ્રવિડ ભાષાની એમ બારેક નજીકની ભાષાઓનાં સર્જનોને પણ ગણવાં રહ્યાં. (એજન : ૨૮૦-૨૮૧)

*

## ઈતિહાસ અને ઐતિહાસિક પ્રણાલી

પ્રાચીન વૈદિક શિક્ષણનાં મૂળતત્ત્વોમાંનું એક મહત્ત્વની પરંપરાનું (इतिहास) જ્ઞાન હતું, અને પ્રાચીન વિવેચકોએ મહાભારત અને રામાયણને પાછળનાં સાહિત્યિક મહાકાવ્યોથી વિશિષ્ટ રીતે દર્શાવવા માટે આ શબ્દ વાપર્યો છે. इतिहास એટલે પ્રાચીન ઐતિહાસિક વા પૌરાણિક પરંપરા, જેનો એક વિશિષ્ટ પુરાણ કથા કે વાર્તા તરીકે સર્જનાત્મક ઉપયોગ થયો હોય, જે કથા કે વાર્તા કોઈ આધ્યાત્મિક કે ધાર્મિક કે નૈતિક કે આદર્શ અર્થ વ્યક્ત કરતી હોય અને આમ લોકોના મનનું ઘડતર કરતી હોય.

મહાભારત અને રામાયણ આ પ્રકારના ઈતિહાસગ્રંથો છે, જેમનું મંડાણ વિશાળ પાયા પર એક સર્વવ્યાપી હેતુથી થયું છે. જે કવિઓએ આની રચના કરી અને જેમણે આ બૃહદ કાવ્યમય ગ્રંથોના કલેવરમાં ઉમેરો કર્યો તેમનો હેતુ માત્ર એક પ્રાચીન વાર્તાને સુંદર કે ઉદાત્ત રીતે કહેવાનો ન હતો, અથવા રસ અને અર્થની પ્રચુર સમૃદ્ધિથી અર્થગર્ભ એક કાવ્યનું નિર્માણ કરવાનો પણ ન હતો, જો કે તેમણે આ બન્નેમાં ઊંચી સફળતા સિદ્ધ કરી છે; તેમણે આ કવિકર્મ જીવનના સ્થપતિઓ અને શિલ્પીઓના મનોભાવે કર્યું છે, – રાષ્ટ્રીય વિચાર અને ધર્મ અને સદાચાર અને સંસ્કૃતિનાં વિશિષ્ટ રૂપોના ઘડવૈયાઓ તરીકે, સર્જક ભાષ્યકારો તરીકે કર્યું છે. આ કાવ્યના મહાપ્રવાહમાં કેટલાંય અંતઃસ્ત્રોતો ભળી ગયાં છે : જીવનને વિશેના વિચારનો એક ગંભીર ઝોક, ધર્મ અને સમાજ વિશેનું એક વિસ્તૃત અને પ્રાણિક દૃષ્ટિબિંદુ, તાત્ત્વિક વિચારણાની અમુક ધાટી; અને ભારતની આખીયે પ્રાચીન સંસ્કૃતિ તેના બૌદ્ધિક ધ્યેયાર્થ અને જીવંત નિરૂપણની મહાન શક્તિ વડે એમાં મૂર્તિમંત થઈ છે. મહાભારતને પાંચમો વેદ પણ ગણવામાં આવે છે, બન્ને કાવ્યોને વિશે કહેવામાં આવ્યું છે કે તે માત્ર મહાન કાવ્યગ્રંથો જ નથી પણ ધર્મશાસ્ત્રો છે, – જેમાં આપણને સુવિશાળભાવે ધાર્મિક, નૈતિક, સામાજિક અને રાજકીય શિક્ષણ પ્રાપ્ત થાય છે; અને સમગ્ર પ્રજાનાં મન અને જીવન પર તેમની અસર અને તેમની પકડ એવાં સર્વવ્યાપી છે કે તેમને ભારતીય પ્રજાનું બાઈબલ કહીને વર્ણવવામાં આવે છે. આ સાદૃશ્ય યથાર્થ નથી; કારણ કે ભારતીય પ્રજાના ‘બાઈબલ’માં વેદ અને ઉપનિષદો, પુરાણો, તંત્રો, ધર્મશાસ્ત્રોનો સમાવેશ થાય, – અને પ્રાંતપ્રાંતની ભાષાઓમાં ધાર્મિક કવિતાઓનું જે વિપુલ પ્રમાણ સર્જાયું છે તેને તો આપણે ગણત્રીમાં લેતા નથી. આ મહાકાવ્યોનું કાર્ય ઊંચા તાત્ત્વિક વિચારોને અને નૈતિક ધ્યેયોને તેમ જ સાંસ્કૃતિક આચારને લોકોમાં પ્રચલિત કરવાનું હતું, એક મહાન કાવ્યના ઢાંચામાં, એક કાવ્યાત્મક વૃત્તાન્તની પાર્શ્વભૂમિકા પર અને વિશિષ્ટ વ્યક્તિઓની આસપાસ, – જે વ્યક્તિઓ લોકોને માટે હમેશની રાષ્ટ્રીય યાદગીરીઓ અને શ્રેષ્ઠ પ્રતિમાઓ બની ગઈ હતી – હૃદયગ્રાહી ઉપાડ અને પ્રભાવ વડે સ્પષ્ટપણે જે કંઈ આત્મામાં અને વિચારમાં ઉત્તમ હતું, કે જીવનને માટે સાચું હતું, કે સર્જનાત્મક કલ્પના અને ધ્યેયાર્થી મનને વાસ્તવિક હતું, કે ભારતની સામાજિક, નૈતિક, રાજકીય અને ધાર્મિક સંસ્કૃતિને માટે વિશિષ્ટતાયુક્ત અને દ્યુતિકર હતું, તેને અભિવ્યક્ત કરવાનું હતું. આ બધી વસ્તુઓને સંકલિત કરવામાં આવી હતી અને અડધી પૌરાણિક અને અડધી ઐતિહાસિક એવી પરંપરામાંથી જે કાવ્યાત્મક ગ્રંથ રચવામાં આવ્યો હતો એમાં કલાત્મક શક્તિ અને હૃદયગ્રાહી પ્રભાવ નિરૂપવામાં આવ્યાં હતાં; પરંતુ લોકોએ ત્યાર પછી તેમને પોતાના ધર્મના એક ભાગ તરીકે તેમ જ ગહનતમ અને અત્યંત જીવંત સત્ય તરીકે પ્રીતિપૂર્વક અપનાવી લીધાં હતાં. આ રીતના ઢાંચામાં રચાયેલાં મહાભારત અને રામાયણ, પછી એ મૂળ સંસ્કૃતનાં હોય કે

પ્રાદેશિક ભાષાઓમાં રૂપાંતર પામ્યાં હોય, કથકો દ્વારા,* એટલે કે ગાવાવાળા, પાઠ કરનારા અને વ્યાખ્યા કરનારાઓ દ્વારા જનસાધારણ લગી પહોંચ્યાં, લોક-સંસ્કૃતિ અને લોકશિક્ષણનાં મહત્ત્વનાં સાધનો બન્યાં અને ચાલુ રહ્યાં. તેમણે લોકોના વિચારોને ઘડ્યા, ચારિત્ર્યને, સૌન્દર્યબોધને અને ધાર્મિક મનને અનુપ્રાણિત કર્યાં અને નિરક્ષર લોકોને પણ તત્ત્વજ્ઞાન, નીતિશાસ્ત્ર, સામાજિક અને રાજકીય વિચારો, સૌન્દર્યલક્ષી લાગણી, કવિતા, નવલકથા અને રોમાંસનો કંઈક અંશે પાસ લગાડ્યો. સંસ્કારી વર્ગો માટે જે કંઈ હતું તે વેદ અને ઉપનિષદમાં સમાવિષ્ટ થયું હતું, એ બધું ગંભીર તાત્ત્વિક સૂત્રોમાં અને મીમાંસા ગ્રંથોમાં કે ધર્મશાસ્ત્ર અને અર્થશાસ્ત્રમાં પ્રતિપાદિત થયેલું હતું; તે બધું અહીં સર્જનાત્મક અને જીવંત આકારોમાં રજૂ કરવામાં આવ્યું, પરિચિત વૃત્તાન્ત અને પુરાણકથાની સાથે સાંકળી લેવામાં આવ્યું અને જીવનના તાદૃશ નિરૂપણમાં એકરસ કરવામાં આવ્યું હતું. આમ નિકટનું અને જીવંત શક્તિસંપન્ન બનવાને કારણે, સર્વે લોકો કાવ્યના શબ્દ દ્વારા સહેલાઈથી તેને પોતાનું બનાવી શક્યા, જેનો એકી સાથે આત્માને, કલ્પનાને અને બુદ્ધિશક્તિને સંસ્પર્શ થયો. (એજન : ૩૧૧-૩૧૩)

*

**મહાભારત**

મહાભારત, સવિશેષે, માત્ર ભારતોની જ કથા નથી, રાષ્ટ્રીય પરંપરા બનેલી એક પ્રાચીન ઘટનાનું જ માત્ર મહાકાવ્ય નથી; પરંતુ એક બૃહદ સ્તરમાં જોતાં ભારતના આત્માનું મહાકાવ્ય છે; એમાં ભારતીય જીવનનાં બધાં પાસાં, ધર્મ, નીતિ, સમાજ, રાજકારણ અને સંસ્કૃતિનો સમાવેશ થાય છે. એને વિશે લોકોમાં ઉક્તિ છે કે જે કંઈ ભારતમાં છે તે મહાભારતમાં છે અને એમાં ઘણુંખરું સત્ય છે. મહાભારત કોઈ એક વ્યક્તિવિશિષ્ટ મનનું સર્જન અને અભિવ્યક્તિ નથી, પણ આખા રાષ્ટ્રમાનસનું સર્જન અને અભિવ્યક્તિ છે; આખીયે પ્રજાએ લખેલું પોતાનું તે કાવ્ય છે. આ મહાકાવ્યને નાના અને વધુ મર્યાદિત હેતુવાળા મહાકાવ્યને લાગુ પડાતા કવિતાકળાના નિયમોને લાગુ કરવા એ નિરર્થક છે; પરંતુ તેની વિગતો પર અને તેની સમગ્ર રચના પર એક મોટી અને તદ્દન સજાગ કળા વાપરવામાં આવી છે. આખુંય કાવ્ય એક વિશાળ રાષ્ટ્રીય મંદિરની માફક બાંધવામાં (રચવામાં) આવ્યું છે : આપણે એક ખંડમાંથી બીજામાં જઈએ ત્યાં ક્રમશઃ તેનો અપરિચિત અને જટિલ ધ્યેયાર્થ (idea) ખૂલતો જાય છે, સાંકેતિક દળો અને શિલ્પાકૃતિઓ અને શિલાલેખો ભરચક છે, વર્ગબદ્ધ આકૃતિઓ તેમનાં દિવ્ય કે

* મહાભારતની તળપદી શૈલીમાં કથા કરનારા 'વ્યાસ' કે માણભટ્ટ હજી લગી ગુજરાતમાં હતા અને સંગીત સાથે 'હરિકથા'માં આખ્યાનો, મુખ્યત્વે ભક્તિભાવ પ્રેરક થતાં. આ પરંપરા નષ્ટપ્રાયઃ થઈ ગઈ છે, જે સર્વને માટે સંસ્કારપોષક, સંસ્કૃતિરક્ષક અને પ્રાણપ્રેરક હતી.

(અનુવાદક)

અર્ધદિવ્ય પ્રમાણમાં કંડારવામાં આવી છે, એક માનવજાતિ અતિમાનવજાતિમાં ઉન્નીત કરવામાં અને અડધી ઉપર આણવામાં આવી છે અને તેમ છતાં તેમના પ્રેરકહેતુઓ, વિચારો, લાગણીઓ માનવીય ભાવને વફાદાર રહીને વ્યક્ત થયાં છે, વાસ્તવિકનું તાન નિરંતર આદર્શની સુરાવલિથી ઊંચે ખેંચવામાં આવ્યું છે, આ જગતનું જીવન પૂરતા પ્રમાણમાં રેખાંકિત કરવામાં આવ્યું છે, પરંતુ તેની પાછળ આવેલાં જગતોની જાગ્રત અસર અને ઉપસ્થિતિ અને શક્તિઓથી નિયંત્રિત કરવામાં આવ્યું છે, અને કાવ્યના સ્થાનકની વિશાળ સોપાનપરંપરામાં કાર્યાન્વિત થયેલા સુસંગત વિચારની લાંબી મૂર્તિમંત શોભાયાત્રાથી આખાયને સુગ્રથિત કરવામાં આવ્યું છે. મહાકાવ્યના કથાનકની આવશ્યકતા અનુસાર વાર્તાનું નિર્વહણ એ જ કાવ્યના મુખ્ય રસની વાત છે અને એને એક વિશાળ અને ઝીણવટભરી ગતિવિધિથી પાર પાડવામાં આવ્યું છે, જે પિંડમાં (mass) બૃહદ અને સબળ છે, વિગતમાં આકર્ષક અને અસરકારક છે, અને હમેશાં સરળ, મજબૂત અને તેની શૈલી તેમ જ ગતિમાં મહાકાવ્યોચિત છે. સાથે સાથે એક કાવ્યમય વાર્તા તરીકે કથનની રીતમાં તે તત્ત્વમાં અત્યંત રસપ્રદ અને જીવંત હોવા ઉપરાંત કંઈક વધારે છે, – એ એક સૂચક વાર્તા છે, ઈતિહાસ છે, ભારતીય જીવન અને સંસ્કૃતિના કેન્દ્રગત વિચારો અને આદર્શોને માટે સાંગોપાંગ નમૂનારૂપ છે. એનું અગ્રિમ પ્રેરકબળ ધર્મનો (Dharma) ભારતીય વિચાર છે. અહીં સત્ય અને પ્રકાશ અને એકત્વના દેવતાઓ, અને અનૃત અને અંધકાર અને અનેકત્વની શક્તિઓ વચ્ચેના સંઘર્ષનો વૈદિક ખ્યાલ તેની આધ્યાત્મિક, ધાર્મિક તેમ જ આંતરિક ભૂમિકામાંથી બહારની બૌદ્ધિક, નૈતિક તેમ જ પ્રાણિક ભૂમિકા પર નિરૂપવામાં આવ્યો છે. વાર્તાના કથાસ્વરૂપમાં તે દ્વિવિધભાવે રજૂ થાય છે : વ્યક્તિગત સંઘર્ષ અને રાજકીય સંઘર્ષ. ભારતીય ધર્મના મહત્તર નૈતિક આદર્શોને મૂર્તિમંત કરનારી વિશિષ્ટ અને દષ્ટાન્તરૂપ વ્યક્તિઓ અને ધર્મનો ગેર-ઉપયોગ કરનારાં આસુરી અહંકારયુક્ત અને સ્વેચ્છાનિર્ભર મૂર્ત્તરૂપો વચ્ચેનો સંઘર્ષ, એ વ્યક્તિગત સંઘર્ષ છે; જ્યાં વ્યક્તિગત સંઘર્ષ પરાકાષ્ઠાએ પહોંચે એવું યુદ્ધ, એક આંતરરાષ્ટ્રીય અથડામણ, જે ધર્મભાવનાના અને ન્યાયના નૂતન શાસનની સ્થાપનામાં પરિણમે, ઝઘડતી જાતિઓને એક કરીને જ્યાં ધર્મની આણ પ્રવર્તતી હોય એવું રાજ્ય કે સામ્રાજ્ય, રાજાઓના અને અભિજાત કુળોના મહત્ત્વાકાંક્ષી દર્પને ઠેકાણે જ્યાં એક ન્યાયી અને માનવતાપૂર્ણ સામ્રાજ્યનાં અક્ષોભ અને શાંતિના આધિપત્યનું વર્ચસ્વ વર્તાતું હોય, એ થયો રાજકીય સંઘર્ષ, આ પેલી જૂની પુરાણી દેવ અને અસુરના સંઘર્ષની, ભગવાન અને દાનવના સંઘર્ષની વાત થઈ; પરંતુ અહીં તેનું નિરૂપણ માનવજીવનના સંદર્ભમાં કરવામાં આવ્યું છે.

(એજન : ૩૧૩-૩૧૫)

*

**રામાયણ**

રામાયણ મહાભારતની જેમ મૂળગતભાવે એક પ્રકારની કૃતિ છે; તેનો ફરક માત્ર તેની યોજનાની વધુ સરળતામાં એક વધુ મૃદુ આદર્શશીલ મનોવૃત્તિમાં અને કાવ્યત્વની ઉષ્મા અને રંગના વધુ સુંદર ચળકાટમાં છે. આ કાવ્યકૃતિનું મુખ્ય કલેવર ઘણાં ઉમેરણો હોવા છતાં સ્પષ્ટપણે એક જ હાથે રચાયેલું છે; તેની રચનાનું એકત્વ ઓછું જટિલ અને વધુ વિશદ છે. એમાં વ્યક્ત થયેલું માનસ તાત્ત્વિકના કરતાં વધુ શુદ્ધ કાવ્યાત્મક, ઓછું નિર્માણશીલ પણ વધુ કલાત્મક છે. આદિથી અંત લગી આખી વાર્તા સળંગભાવે વહ્યે જાય છે અને કથાનકના સ્ત્રોતમાંથી ક્યાંય આડફાંટો જણાતો નથી. સાથે સાથે દર્શનની વિશાળતા એકસરખી છે, વિચારગર્ભમાં મહાકાવ્યોચિત ભવ્યતાનું ઓર વધુ વિશાળ પાંખોવાળું ઉડ્ડયન છે, વિગતમાં સૂક્ષ્મ કારીગરીની એકધારી સમૃદ્ધિ છે. મહાભારતની નિર્માણાત્મક શક્તિ, પ્રબળ કારીગરી અને વ્યવસ્થાની પદ્ધતિ ભારતીય સ્થપતિઓની કળાની યાદ આપે તેવાં છે, અને રામાયણની રૂપરેખાની ભવ્યતા અને સ્પષ્ટતા, તેના રંગની સમૃદ્ધિ, ઝીણવટભરી અલંકરણાત્મક કાર્યનિષ્પત્તિ સાહિત્યના ક્ષેત્રમાં ભારતીય ચિત્રકળાનો મનોભાવ અને તેની ધાટીની જાણે કે પ્રતિલિપિ હોય તેમ લાગે છે. અહીં પણ મહાકવિએ પોતાના વિષય તરીકે ઈતિહાસ (इतिहास) લીધો છે, જે એ એક પુરાણી ભારતીય વંશને લગતી પ્રાચીન કહાણી કે કથા છે; કવિએ તેને પુરાણ કથા અને લોકવાર્તામાંથી વિગતો લઈને ભરી દીધી છે. પરંતુ તેમણે એ બધાંમાંથી એવું એક ભવ્ય મહાકાવ્યનું વસ્તુ ખડું કર્યું છે કે જેથી કરીને તે વધુ સુયોગ્ય રીતે તેનો ઉચ્ચ હેતુ અને તેનું મહત્ત્વ સહી શકે. મહાભારતની માફક વિષયવસ્તુ એક જ પ્રકારનું છે : પાર્થિવ જીવનમાં દૈવી અને આસુરી શક્તિઓની અથડામણ, પરંતુ વધુ શુદ્ધ આદર્શમય સ્વરૂપોમાં, ખુલ્લી રીતે અતિપ્રાકૃતિક દિશામાનમાં અનેમાનવચરિત્રમાં જે કંઈ સારું અને દુષ્ટ હોય તેના કલ્પનાત્મક ઊર્ધ્વીકરણમાં, એક બાજુ આલેખાયાં છે આદર્શ પૌરુષ, સદાચાર અને સદ્‌ગુણને લગતું દિવ્ય સૌન્દર્ય, ધર્મ પર પ્રતિષ્ઠિત સભ્યતા, નૈતિક આદર્શના ઉત્કર્ષની ઉપલબ્ધિ, જે સૌન્દર્યાત્મક સુષમા અને માધુર્યના અપૂર્વ સબળ સંસ્પર્શ વડે નિરૂપિત થઈ છે; તો બીજી બાજુ છે અતિમાનુષી અહંકાર અને સ્વેચ્છા અને ઉલ્લાસપૂર્ણ હિંસાની દુર્દાન્ત, અરાજકતાભરી, અને પ્રાયઃ બેડોળ શક્તિઓ. આ રીતે માનસિક પ્રકૃતિની બન્ને વિચારધારાઓ અને બળો, જીવંત અને મૂર્તિમંત ભાવે અથડામણમાં આવે છે અને રાક્ષસ પર દૈવી માનવના વિજયના નિર્ણયાત્મક પરિણામે પહોંચે છે. જે જે છાયાઓ અને જટિલતાઓ આ કાવ્યના પ્રધાન વિચારની પવિત્રતાને, પાત્રોની રૂપરેખામાં પ્રદર્શિત પ્રતિનિધિરૂપ શક્તિને, મનોવૃત્તિગત રંગના મહત્ત્વને ક્ષીણ કરે તેવી હોય તે સૌનો પરિત્યાગ કરવામાં આવ્યો છે અને તેમના માત્ર એટલા જ અંશને સ્વીકારવામાં આવ્યો છે, જે તેના આકર્ષણ અને ગૂઢાર્થને માનવીય

રૂપ આપવાને પર્યાપ્ત જણાયો. આપણા જીવનની પાછળ જે જે અઢળક બળો કામ કરી રહ્યાં છે તે વિશે કવિ આપણને સજાગ કરે છે અને પોતાની કર્મધારાને એક ભવ્ય મહાકાવ્યોચિત દશ્યસામગ્રી, એક રાજધાનીનું નગર, પર્વતો અને સમુદ્ર, અરણ્ય અને વેરાનની પાર્શ્વભૂમિમાં એવી રીતે જોડી આપે છે કે આપણને એમ લાગે કે તેમના કાવ્યનું દશ્યવસ્તુ આખુંય જગત છે, અને તેનો વિષય છે થોડી મહાન કે વિકરાળ આકૃતિઓમાં પ્રતિબિંબિત થયેલી માનવની આખીયે દૈવી અને રાક્ષસી સંભાવના. રામાયણમાં ભારતનું નૈતિક અને સૌન્દર્યલક્ષી મન એક સંવાદપૂર્ણ એકત્વમાં એકરૂપ થઈ ગયું છે અને એક અનુપમ શુદ્ધ ભુમાને અને આત્માભિવ્યક્તિના સૌન્દર્યને પામ્યું છે. ભારતીય કલ્પનામાં ચરિત્રના જે સર્વોચ્ચ અને અત્યંત સુકોમળ માનવીય આદર્શો હોઈ શકે, તેનું રામાયણ મૂર્તિમંત સ્વરૂપ છે; તેણે બળ, હિંમત, વિનય, શુદ્ધિ, વફાદારી અને આત્મોત્સર્ગને અત્યંત રોચક અને સુસંવાદી રૂપોમાં પરિચિત કર્યાં અને એવા રંગથી ઉઠાવ આપ્યો કે જેથી કરીને લાગણી અને સૌન્દર્યલક્ષીભાવ તે તરફ વળે; એક તરફથી નૈતિકતામાંથી જુગુપ્સાજનક કઠોર તપસ્યાને ખુલ્લી કરી અથવા બીજી તરફથી તેને નર્યા મામૂલીપણાના આવરણમાંથી મુક્ત કરી, અને જીવનના સામાન્ય વ્યવહારને અમુક ઉચ્ચ પ્રકારની દિવ્યતા અર્પી : લગ્ન સંબંધી, વાત્સલ્યસંબંધી, માતૃપ્રેમસંબંધી, ભ્રાતૃભાવસંબંધી લાગણીને, રાજકુમાર, નેતા, અનુયાયી અને પ્રજાનાં નિષ્ઠાપૂર્વકનાં કર્તવ્યને, મહાનની મહાનતાને અને સરળની યોગ્યતા તથા સત્યને દિવ્યતાનું પ્રદાન કર્યું; પોતાની આદર્શમય આભાની દીપ્તિથી નૈતિક વસ્તુઓનો એક વધુ ચૈત્ય અર્થના સૌન્દર્ય સાથે મેળ સાધ્યો. ભારતના સાંસ્કૃતિક માનસને ઘડવામાં વાલ્મીકિની કૃતિ લગભગ એક અપરિમેય સાધન નીવડી છેઃ રામ અને સીતાનાં પાત્રોમાં તેણે તેને ચાહવાને યોગ્ય અને અનુકરણ કરવાને યોગ્ય વ્યક્તિઓ આપી છે, આ વ્યક્તિઓ એવી દિવ્યતાથી અને વાસ્તવિકતાની એવી ચમત્કૃતિથી સર્જાઈ છે કે હમેશને માટે તેઓ ઉપાસના પદ્ધતિ અને પૂજાના વિષયો બની ગઈ છે; અથવા હનુમાન, લક્ષ્મણ અને ભરતની જેમ તેના નૈતિક આદર્શોની જીવંત માનવી પ્રતિકૃતિ બની ગઈ છે. રાષ્ટ્રીય ચરિત્રમાં જે કાંઈ ઉત્તમ અને મધુરમાં મધુર હોય તેમાંનું ઘણું ખરું તેણે સર્જ્યું છે; અને એમાં એવાં સૂક્ષ્મતર અને અતિસુંદર છતાં દઢ આત્મ-સંવેદનો અને મનોવૃત્તિની મુલાયમ માનવતાનાં આવાહન કર્યાં છે અને તેમને દઢભૂમિ કર્યાં છે, કે જે સદ્ગુણ અને વર્તનની ઔપચારિક બાહ્યતાઓના કરતાં વધુ મૂલ્યવાન છે. (એજન : ૩૧૬-૩૧૭)

*

## મુખ્ય વિચાર

ભારતીય પ્રજાનાં જીવન, સંસ્કૃતિ અને સામાજિક આદર્શોને નિયંત્રિત કરનાર જે મુખ્ય વિચાર ચાલ્યો આવે છે તે છે માનવની પોતાની સાચી આધ્યાત્મિક જાતની

શોધ અને જીવનનો ઉપયોગ–પ્રથમ તેની નિમ્નતર શારીરિક, પ્રાણિક અને માનસિક પ્રકૃતિના આવશ્યક વિકાસને અધીન થઈને – એ શોધના ચોકઠા અને સાધન તરીકે, અને પોતાના અજ્ઞાન પ્રાકૃતિક જીવનમાંથી આધ્યાત્મિક જીવનમાં માનવનું આરોહણ. આ પ્રધાન વિચારને, તેના રાજકીય અને સામાજિક નિર્માણનાં દબાણ અને ભૌતિક જરૂરિયાતો અને બાહ્યતાઓની વચ્ચે પણ ભારત કદાપિ સાવ ભૂલી ગયું નથી. પરંતુ સામાજિક જીવનને મનુષ્યની સાચી જાતની અને પોતાનામાં રહેલા અંતરાત્માની ઊંચામાં ઊંચી ઉપલબ્ધિની અભિવ્યક્તિ કરવાની મુશ્કેલી, ધર્મ, વિચાર, કળા, સાહિત્ય તેમ જ સૌ માનસિક વસ્તુઓ દ્વારા થતી આધ્યાત્મિક સ્વાભિવ્યક્તિના કરતાં અત્યંત મોટી છે; અને આ બધી બાબતોમાં ભારતે ભલે અસામાન્ય ઊંચાઈઓ અને વિશાળતાઓ સર કરી હોય, છતાં બાહ્ય જીવનમાં અમુક આંશિક ઉપલબ્ધિઓ અને ખૂબ અપૂર્ણ અખતરાઓથી પર તે જઈ શક્યું નથી, – એક સામાન્ય અધ્યાત્મીકૃત પ્રતીકવાદ, એક મહત્તર અભીપ્સાનું ક્રમશઃ પ્રસરણ, સામુહિક જીવનને આપેલો અમુક ઢાળ, આધ્યાત્મિક વિચારને અનુકૂળ સંસ્થાઓનું સર્જન. રાજકારણ, સમાજ અને અર્થશાસ્ત્ર ભારતની પ્રણાલીમાં માન્ય કરવામાં આવેલા માનવી લક્ષ્ય અને વર્તનના પ્રથમ બે અને સ્થૂળતર ભાગોનું, અર્થ અને કામનું, સ્વાભાવિક ક્ષેત્ર છે; ધર્મને (Dharma) જીવનના આ બાહ્ય પ્રકારમાં અમુક આંશિક ભાવથી ઉપરાંત કદાપિ આણવામાં આવ્યો નથી, અને રાજકારણમાં ખૂબ અલ્પાંશે તેનો સ્પર્શ જણાય છે; કારણ કે, નીતિશાસ્ત્ર વડે રાજકીય કાર્યને નિયંત્રિત કરવાનો પ્રયત્ન ઘણુંખરું દંભ સિવાયનો ભાગ્યે જ હોય છે. સામુહિક બાહ્ય જીવનનો મોક્ષની સાથે (the liberated spiritual existence) સુમેળ અથવા તેની સાચી એકરૂપતા ભાગ્યે જ વિચારાઈ હોય અથવા તેનો પ્રયત્ન કરવામાં આવ્યો હોય; પછી, હજી લગી ભાગ્યે જ પ્રૌઢ અવસ્થામાં પ્રવેશેલી માનવજાતિના પ્રાચીન ઈતિહાસમાં ક્યાંય તે સફળતા પામી હોય તેની તો વાત જ શી ! આ રીતે, આપણે જોઈએ છીએ કે ભારતની સામાજિક અને આર્થિક જીવનપ્રણાલીનું ધર્મ દ્વારા અભિશાસન, – જો કે અહીં બીજાં બધાં પાસાંઓના કરતાં તેનો પ્રયાસ વહેલો તૂટી પડ્યો હતો, – અને તેની રાજકીય જીવનપ્રણાલીનું પણ, તેના અસ્તિત્વનો વળાંક, પાછળ રહેલી આધ્યાત્મિક વિશિષ્ટતાની ઝલક સાથે, – અહીં લગી તેની પ્રાચીન પદ્ધતિ આગળ વધી હતી, જો કે આધ્યાત્મિક જીવનની સંપૂર્ણ પ્રાપ્તિ વ્યક્તિના પ્રયાસના પરમ ઉદ્દેશ્ય પૂરતી રાખવામાં આવી હતી. આમ છતાં તેણે ખંતથી અને ધીરજથી આટલો પ્રયાસ કર્યો જ હતો અને તેને લઈને તેના સામાજિક રાજકારણ પર એક વિશિષ્ટ છાપ પડી હતી. હવે કદાચ ભાવિ ભારતે એ જોવાનું રહેશે કે તે પોતાના ભગવદ્દત્ત કાર્યને પૂર્ણ કરે; અર્થાત્ જીવન અને આત્માની વચ્ચે સમન્વય સાધનાર એક અધિક પૂર્ણ લક્ષ્યને, એક અધિક વ્યાપક અનુભવને, એક અધિક વ્યાપક સુનિશ્ચિત જ્ઞાનને ગ્રહણ કરીને અને તે દ્વારા પોતે

મહાન તેમ જ વિશાળ બનીને, ગભીરતર આધ્યાત્મિક સત્યની, આપણી સત્‌તાની હજી લગી અનુપલબ્ધ આધ્યાત્મિક શક્યતાઓની અનુભૂતિના આધાર પર માનવ સમાજનાં પરમાર્થ સત્‌તા તેમ જ તેના વ્યવહારને પ્રતિષ્ઠિત કરે; અને પોતાની પ્રજાના જીવનમાં એવો એક નવો પ્રાણપ્રેરક મંત્ર ફૂંકે કે જે માનવજાતિમાં રહેલી મહત્તર આત્માની લીલા બની જાય, વિરાટ, અર્થાત્‌ વિશ્વપુરુષનાં સચેતન સમષ્ટિગત આત્મા અને શરીર બની જાય. (એજન : ૩૬૫-૩૬૬)

*

## ભારતીય મનની મુખ્ય કૂંચી

આધ્યાત્મિકતા અલબત્ત ભારતીય મનની ગુરુચાવી છે. અનંતનું ઈન્દ્રિયજન્ય જ્ઞાન એને જન્મથી પ્રાપ્ત થયેલું છે. શરૂઆતથી જ ભારતનું એ દર્શન રહ્યું છે કે જીવનને એની બાહ્ય વિગતોના એકમાત્ર પ્રકાશમાં યોગ્ય રીતે જોઈ શકાય નહિ, તેમ જ બાહ્યતાની એકમાત્ર શક્તિમાં પૂર્ણપણે જીવી શકાય નહિ. તેથી જ યુગોથી આ ઊંડું જ્ઞાન અને એનું આચરણ કરવાથી એની અંદર એની આ આધ્યાત્મિકતાએ ઊંડી જડ ઘાલેલી છે. એનું (ભારતનું) સામર્થ્યવાન ચૈતસિક વલણ, અનંતને પકડમાં લેવાની એની મહાન ઝંખના, અનંતને ધારણ કરવાની એની અભીપ્સા, અનુચ્છેદ્ય એવી એની ધાર્મિક લાગણી, એનો આદર્શવાદ, એનો યોગ, એની કળા, એના તત્ત્વજ્ઞાનનું સતત નવીનીકરણ, આ સર્વ વસ્તુઓ ભારતની અંદર જડમૂળથી રહેલી છે. ...આધ્યાત્મિકતા પૃથ્વી ઉપર શૂન્યમાં આપમેળે પાંગરતી નથી; આપણા પર્વતોનાં શિખરો પણ કોઈ આધાર વગર હવામાંથી સ્વપ્નમાંના જાદુથી કંઈ ઊંચા થઈ જતા હોતા નથી. આપણે જ્યારે ભારતના ભૂતકાળ પ્રતિ દૃષ્ટિ કરીએ છીએ ત્યારે જે વસ્તુ આપણું ધ્યાન ખેંચે છે , એ છે એની પ્રચંડ જીવનશકિત, એની અખૂટ પ્રાણશક્તિ અને જીવનનો અપાર આનંદ, એની અકલ્પનીય વિપુલ સર્જનશક્તિ. ઓછામાં ઓછા ત્રણ હજાર વર્ષોથી (એનાથી પણ વધુ લાંબા સમયથી) ભારત વિપુલ પ્રમાણમાં અને સતત સર્જન કરતું રહ્યું છે. છૂટે હાથે, અખૂટ એવું અનેક પાસાંવાળું સર્જન - પ્રજાસત્તાક રાજ્યો, રાજાઓની સત્તા, સામ્રાજ્યો, તત્ત્વદર્શનો, વિશ્વરચનાઓ, વિજ્ઞાનો, મહેલો અને મંદિરો, જાહેર બાંધકામો, બિરાદરીઓ અને સંગઠનો, સંસ્થાઓ, ધાર્મિક નિયમો, વિધિવિધાનો, શારીરિક વિજ્ઞાનો, ચૈતસિક વિજ્ઞાનો, યોગમાર્ગની પદ્ધતિઓ, રાજ્યકલા અને સંગઠન કે વ્યવસ્થાશક્તિની પ્રણાલીઓ, આધ્યાત્મિક કળાઓ, દુન્યવી કળાઓ, ધંધા રોજગાર, ઉદ્યોગો, સુંદર હસ્તકલાઓ... સૂચિ અનંત છે અને દરેક પ્રકારમાં બાહુલ્ય પ્રવૃત્તિ - આટઆટલું સર્જન ભારત અખંડપણે કરી રહ્યું છે. (CWSA 20 : 6-8)

*

## બે આદર્શો

ભારત સર્વોત્કૃષ્ટ રીતે ધર્મ અને શાસ્ત્રની ભૂમિ બની રહ્યું છે. તે પ્રત્યેક માનવી તેમ જ વૈશ્વિક પ્રવૃત્તિનું આંતર સત્ય અને એનો નિયમ શોધી રહ્યું છે; એ જ છે એનો ધર્મ. આ ધર્મ પ્રાપ્ત થઈ જતાં તે જીવનનાં સત્ય અને ધોરણમાં એને લાગુ કરવા માટેના કાળજીપૂર્વક તૈયાર કરાયેલાં રૂપો અને વિગતેપૂર્ણ નિયમનું ઘડતર કરવાના કાર્યમાં પ્રયત્નપૂર્વક લાગી જાય છે. ભારતનો શરૂઆતનો સમય આત્મતત્ત્વની શોધને લઈને પ્રકાશસભર રહ્યો હતો. પછીના સમયમાં ધર્મની શોધ પૂર્ણ થઈ અને ત્રીજા સમયગાળામાં શાસ્ત્રોનું પ્રથમ સાદું અર્થઘટન વિગતે કરવામાં આવ્યું. પરંતુ આ સમયગાળાઓ એકબીજાના પ્રતિબંધક ન રહેતાં એમાં આ ત્રણ તત્ત્વો હંમેશાં વિદ્યમાન રહ્યાં. જીવનમાં પૈસાની રેલમછેલ વાળી જીવનશૈલીનો આદર્શ અને ગરીબીનો આદર્શ, એના અંતિમો - બાદશાહી વૈભવ અને સંતોષી નિર્વસ્ત્રતા - સુધી સેવવામાં આવ્યા... એની સર્વ રાજકીય જરૂરિયાતો અને સર્વ સંજોગોએ એને રાજાશાહી પદ્ધતિને વધુ પડતું મહત્ત્વ આપવા માટે મજબૂર કર્યો... અને એ કારણસર ભારત લોકશાહીનો વિકાસ કરી શક્યું નહિ, છતાં ગ્રામપંચાયતોમાં, નગરપાલિકાઓમાં, લોકશાહી વિચારોને અમલમાં લાવવામાં આવ્યા હતા. ભારત પ્રથમ દેશ છે જ્યાં લોકોની અંદર રહેલા દિવ્યત્વનો દાવો કરવામાં આવ્યો હતો અને પોતાની સત્તાના મદમાં રહેતા રાજાને એણે પોકારપૂર્વક જણાવ્યું હતું :

'હે રાજા, તમે પ્રજાના સેવક ઉપરી હોવા ઉપરાંત અન્ય શું છો?'

... અને એ નોંધવાલાયક હકીકત છે કે એકબીજાથી તદ્દન વિરોધી એવાં અંતિમોનું અનુસરણ ક્યારેય અવ્યવસ્થામાં પરિણમ્યું ન હતું... પ્રત્યેક અંતિમમાં ભારતનું આત્મતત્ત્વ એ અંતિમનો નિયમ શોધવાની ઝંખના સેવે છે અને એને લાગુ પાડવાની પદ્ધતિમાં એક નિયમ, પ્રમાણ અને માળખું શોધી કાઢવાની અભીપ્સા સેવે છે.

(CWSA 20 : 9, 11, and 12)

*

## સ્વધર્મ, સ્વરાટ, સમ્રાટ

જે મનુષ્ય પોતાના અંતરાત્માને સૌથી અધિક ભાવે ઉપલબ્ધ કરતો તેને આધારે સૌથી અધિક ભાવે જીવન ગાળે છે, તે વિશ્વાત્માને સૌથી અધિક ભાવે ભેટી શકે છે, તથા તેની સાથે ઐક્ય અનુભવી શકે છે; સ્વરાટ્, અર્થાત્ સ્વતંત્ર, આત્માનો સ્વામી અને આત્મશાસક જ ખરો સમ્રાટ બની શકે છે, એટલે કે તે જે જગતમાં વસે છે તેનો સ્વામી તેમ જ નિર્માતા બની શકે છે, અને આત્મામાં સૌની સાથે એકાત્મભાવ સૌથી અધિક રીતે થઈ શકે છે. આ જે વિકસતું જતું અસ્તિત્વ છે તે આપણને જે સત્ય શીખવવા માટે છે તે આ છે અને પ્રાચીન ભારતીય અધ્યાત્મજ્ઞાનનાં સૌથી મહાન રહસ્યોમાંનું આ એક છે.

આથી કરીને પોતાના આત્મામાં જીવવું, પોતાના સ્વધર્મને (one's own law

of being) સુસંગત રહીને પોતાની સત્તાના કેન્દ્રમાંથી આત્માભિવ્યક્તિને નિર્ણિત કરવી, એ પ્રથમની જરૂરિયાત છે. આમ કરવાને માટે સશક્ત ન હોવું એટલે જીવનનો હ્રાસ; એમ પૂરતા પ્રમાણમાં ન કરવું એટલે સુસ્તી, દુર્બળતા, અક્ષમતા, ચારે બાજુના સંજોગોના માર્યા ઉપાધિ વહોરી લેવી તેમ જ તેમનાથી અભિભૂત થવાનો ભય; એ પ્રમાણે પોતાની આંતરિક સાધનસામગ્રી તેમ જ આંતરિક શકિતઓના પ્રબળ ઉપયોગ સાથે ડહાપણભરી રીતે અને અંતઃપ્રજ્ઞાની સૂઝ પ્રમાણે કરવાને અશક્ત હોવું એટલે મૂંઝવણ, અવ્યવસ્થા અને છેલ્લે પતન, પ્રાણશક્તિની ખોટ. પરંતુ સાથે સાથે આસપાસનું જીવન જે સામગ્રી આપણને અર્પે છે તેનો ઉપયોગ કરવાને અશક્ત હોવું, અંતરની સૂઝની પસંદગી પ્રમાણે અને પ્રબળ પ્રભુત્વ પૂર્ણ આત્મસાત્કરણ દ્વારા તેના પર પકડ ન જમાવવી તે એક ગંભીર ઊણપ ગણાય, હયાતીને માટે ભયરૂપ લેખાય. તંદુરસ્ત વ્યક્તિતાને બાહ્ય આઘાત કે અંદર પ્રવેશ કરનારી શક્તિ, વિચાર અને પ્રભાવ એક ઉત્તેજક વસ્તુ નીવડે, જેને લઈને વિસંવાદ, અસંગતિ કે જોખમના ભાવની બાબતમાં આંતરસત્તા જાગ્રત થાય;અને ત્યાર પછી એક સંઘર્ષ, એક ઓચિંતો ધક્કો, અસ્વીકારની એક પ્રક્રિયા શરૂ થઈ જાય. પરંતુ આ સંઘર્ષમાં અને અસ્વીકારની આ પ્રક્રિયામાં પણ પરિવર્તન અને વિકાસની કંઈક પરિણતિ રહેલી છે, જીવનનાં શક્તિ અને સામગ્રીમાં કંઈક વધારો થાય છે, એ આઘાતથી સત્તાની તાકાત ઉત્તેજિત થાય છે, સહાયક બને છે. (ભારતીય સંસ્કૃતિના પાયા : ૪૨૩-૪૨૪)

*

## કટ્ટરવાદી નહિ, સમાવેશી ધર્મ

હિંદુધર્મના આચારવિચાર, ક્રિયાકાંડ, પૂજાપદ્ધતિ અને પ્રણાલિકા ત્યારે જ સમજાય જ્યારે આપણે તેનું પ્રાથમિક બંધારણ જાણતા હોઈએ. સૌ પ્રથમ હિંદુધર્મ કોઈ નિશ્ચિત મતમતાંતરરહિત મેળવાળો ધર્મ છે અને જો ઈસ્લામ અને ખ્રિસ્તીધર્મે તેની પ્રક્રિયાને સહી લીધી હોત તો તેમને પણ તેણે અપનાવી લીધા હોત. તેને જે કાંઈ માર્ગે મળ્યું તે સૌને પોતામાં સમાવી લીધું છે; માત્ર વાત એટલી કે જો તે પોતાનાં સ્વરૂપોને પારભૌતિક સત્ય અને અનંતના સત્યની સાથે કોઈ સાચું અનુસંધાન સાધી શકે. તે ઉપરાંત તેણે હમેશાં પોતાના હૃદયમાં જાણ્યું છે કે ધર્મે જો સમગ્ર માનવસમૂહની, નહિ કે માત્ર ગણ્યાગાંઠ્યા સંતો અને ચિંતકોની વાસ્તવિકતા થવું હોય તો તેણે આપણી સમગ્ર સત્તા પર પ્રભાવ પાડવો જોઈએ; માત્ર પારબૌદ્ધિક અને બૌદ્ધિક અંશો પર નહિ પણ અન્ય સૌ અંશો પર. કલ્પના, ઊર્મિતંત્ર, રસબોધની ઈન્દ્રિય, અર્ધ-અવચેતન ભાગોની ખુદ સહજ લાગણીઓ, – એ સૌ પર તેનો પ્રભાવ પડવો જોઈએ. ધર્મે માનવને પારબૌદ્ધિક સત્ય પ્રતિ, આધ્યાત્મિક સત્ય પ્રતિ દોરવો જોઈએ; અને એ માર્ગે જતાં તેણે પ્રકાશિત મનની સહાય લેવી જોઈએ; પરંતુ તેમ કરવા જતાં આપણી

બાકીની સંકુલ પ્રકૃતિને પ્રભુ પ્રત્યે વાળવાનું ચૂકયે પાલવે નહિ. અને વળી તેણે માનવ જે સ્થિતિમાં હોય ત્યાં તેને ઝડપી લેવો જોઈએ, તે જે કંઈ અનુભવે તે દ્વારા તેની આધ્યાત્મિકતા સાધવી જોઈએ. માનવ જેને સાચી અને જીવંત શક્તિ તરીકે પોતાની સ્થિતિમાં સમજી ન શક્યો હોય તો તેના પર કશું પણ લાદવું ન જોઈએ. પ્રત્યક્ષવાદી બુદ્ધિશક્તિ જેને અબૌદ્ધિક કે બુદ્ધિવિરોધી કહીને દૂષિત કરે છે તે સૌ હિંદુધર્મનાં મુખ્ય અંગોનો ઉપર જણાવ્યો તે જ અર્થ છે, લક્ષ્ય છે. પરંતુ યુરોપીય માનસ આ સાદી આવશ્યકતા સમજવામાં નિષ્ફળ નીવડયું છે; ઊલટું, તેણે તેને તિરસ્કાર્યું છે. એ ધર્મને 'શુદ્ધ' કરવાનો આગ્રહ આત્મા વડે નહિ પણ બુદ્ધિ વડે રાખે છે; તેમાં 'સુધારો કરવાનું' આત્મા વડે નહિ પણ બુદ્ધિ વડે ધારે છે. અને આપણે જાણીએ છીએ કે યુરોપમાં આ પ્રકારના શુદ્ધીકરણનાં અને સુધારણા કરવાનાં ક્યાં પરિણામો આવ્યાં હતાં. આ પ્રકારની અજ્ઞાન ચિકિત્સાનું અનિવાર્ય પરિણામ આવ્યું શરૂશરૂમાં ધર્મનું દારિદ્ય અને પછી ક્રમશઃ તેનો ઉચ્છેદ; દર્દી પોતે ચિકિત્સાનો ભોગ થઈ પડ્યો, જ્યારે તે ખાસી રીતે રોગમાંથી બચી જઈ શક્યો હોત. (એજન : ૯૮)

*

**માનવની વિભાવના**

વેદાંતે અને ભારતીય સંસ્કૃતિના શિષ્ટ યુગોની વિચારધારાએ માનવજીવનને જે ગૌરવ અર્પ્યું હતું તે પશ્ચિમની માનવતાની વિચારણાના ધ્યેયને ક્યાંય ટપી જતું હતું. પશ્ચિમમાં માનવ, પ્રકૃતિના એક ક્ષણિક સર્જન તરીકે રહ્યો છે, અથવા કોઈ તરંગી સૃષ્ટાએ જન્મ વેળા સ્વચ્છંદી ઉચ્છ્વાસ દ્વારા એક આત્માને બનાવ્યો છે અને મોક્ષ મેળવવા માટે પ્રતિકૂળ પરિસ્થિતિમાં તેને રાખ્યો છે; પરંતુ સાચી રીતે જોતાં નર્કના સળગતા ઊકરડામાં એક નકામી તુચ્છ વસ્તુ તરીકે તેને ફેંકી દેવાનો છે. બહુ બહુ તો તર્કયુક્ત મન અને ઇચ્છાક્તિ અને ભગવાને કે પ્રકૃતિએ તેને જેવો બનાવ્યો છે તેથી વધુ સારા થવાના પ્રયત્નને લઈને તેને ઉન્નત કરવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિએ આપણી પાસે જે આદર્શ રજૂ કર્યો છે તે આથી ક્યાંય શિષ્ટ, પ્રેરક અને એક મહાન વિચારની સંચાલનશક્તિથી પૂર્ણ છે. ભારતીય વિચાર પ્રમાણે માનવ ઊર્જા (energy)ની પ્રવૃત્તિઓમાં છુપાઈગયેલો એક જીવાત્મા છે, જે આત્મશોધ પ્રત્યે ગતિ કરી રહ્યો છે અને દેવત્વને માટે અધિકારી છે. એ એક જીવાત્મા છે જે પ્રકૃતિ દ્વારા સચેતન સ્વાત્મત્વમાં વિકસી રહ્યો છે; એ દેવતા છે, શાશ્વત સત્તા છે; પ્રભુના પારાવારમાં નિત્ય ઉલ્લસંતું કલ્લોલ કરે છે, પરમ અગ્નિનો ન બૂઝવી શકાય એવો એક સ્ફુલિંગ છે. એ તો શું પણ માનવ પોતાની સર્વોચ્ચ વાસ્તવિકતામાં જ્યાંથી તે ઉદ્ભવ્યો છે તે અવર્ણનીય પરાત્પરની સાથે એક છે અને જે દેવોને તે પૂજે છે તેનાથી વધુ મહાન છે. આપણાને જે સ્વાભાવિક રીતે એક અર્ધ-પશુયુક્ત પ્રાણી તરીકે ક્ષણ માટે જણાય છે, તે તેની સમગ્ર

સત્તા નથી જ, કોઈ પણ પ્રકારે તેની વાસ્તવિક સત્તા નથી. તેની અંતરતમ વાસ્તવિકતા દિવ્ય પોતાપણું છે, અથવા કંઈ નહિ તો તેનો એક શાશ્વત ગતિશીલ અંશ છે; અને આની શોધ કરવી અને તેના સ્વાભાવિક, બાહ્ય અને દેખીતા પોતાપણાને ઓળંગી જવાની મહત્તા હોવી, એ માત્ર આ પાર્થિવ પ્રાણીઓમાં તેને માટે જ શક્ય છે. તેનામાં પૌરુષની એક પરમ અને અસામાન્ય કક્ષાએ પહોંચવાની આધ્યાત્મિક શક્તિ છે અને ભારતીય સંસ્કૃતિએ તેને પ્રથમ લક્ષ્ય તરીકે રજૂ કરેલી હકીકત છે. હજુય અણવિકસિત માનવજાતિના ઘણાખરા માનવો જે પ્રાથમિક અપરિપક્વ દશામાં જીવી રહ્યા છે, તેનો અસ્વીકાર કરીને (न यथा प्राकृतो जनः) તે એક મુક્ત પૂર્ણ અર્ધદૈવી માનવ – मुक्त, सिद्ध – થઈ શકે છે. આથીય આગળ તે જઈ શકે છે : વિશ્વચૈતન્યમાં મુક્ત થઈને તેનો આત્મા પરમાત્માની સાથે એક થઈ શકે છે, વિશ્વાત્માની સાથે એકાત્મ થઈ શકે છે; અથવા વિશ્વથી પર જે પ્રકાશ અને વિરાટ છે તેમાં પહોંચી શકે છે, વૈશ્વિક પ્રકૃતિની સાથે તેની પ્રકૃતિ સમાન ક્રિયાશીલ શક્તિ બની શકે છે કે પરાત્પર વિજ્ઞાનની સાથે એકજ્યોત થઈ શકે છે. હમેશને માટે પોતાના અહંમાં બંધાઈ રહેવામાં તેની અંતિમ પૂર્ણતા નથી; તે વિશ્વાત્મા થઈ શકે છે, પરમ એક (One) ની સાથે એકતા પામી શકે છે, બીજાઓની સાથે એક, સૌ પ્રાણીઓની સાથે એક થઈ શકે છે. (એજન : ૧૦૬-૧૦૭)

*

## બે મુખ્ય સત્યો

જીવનના શાસનમાં કે આધ્યાત્મિકતાની શિક્ષામાં ભારતીય માનસે હમેશાં આપણા જીવનના સત્યની બે બાબતો પર ધ્યાન આપ્યું છે. પ્રથમ એ કે આપણી સત્‌તાને વિકાસમાં અમુક ભૂમિકાઓમાં થઈને પસાર થવું પડે છેઃ એમાં કોક વાર કદાચ ઠેકડા ભરવામાં આવતા હોય, તોય તેનો ઘણોખરો વિકાસ વિકસતી જતી ક્રમિક પ્રગતિ પ્રમાણે થતો હોય છે. સૌથી ઝડપી શરતને પણ પરિણામની મર્યાદા હોય છે. તદ્‌પરાંત, જીવન સંકુલ છે અને માનવસ્વભાવ પણ સંકુલ છે; પ્રત્યેક જીવનમાં માનવે પોતાની સંકુલતાના અમુક સરવાળાનો આંક માંડવાનો હોય છે અને તેને અમુક ક્રમમાં ગોઠવવાનો હોય છે. પરંતુ જીવનની પ્રારંભિક ચાલ એવા પ્રકારની હોય છે કે જે માનવમાં રહેલા સહજ અહંની શક્તિઓને વિકસાવે; સ્વાર્થ અને આમોદ-પ્રમોદની કામના મૌલિક માનવ-એષણાઓ છે (काम, अर्थ). ભારતીય સંસ્કૃતિએ આપણા સ્વભાવની આ પ્રાથમિક ખાસિયતને સારી રીતે પારખી લીધી હતી. આ શક્તિઓને સ્વીકાર્યે જ છૂટકો છે અને તેમને તેમના ક્રમમાં મૂકી આપવી જરૂરી છે; કારણ કે, સ્વાભાવિક અહંપ્રધાન જીવન જીવવું જ જોઈએ છે અને માનવ-સત્‌તામાં જે આવેગો તેમાંથી છૂટી નીકળે છે તેમને ચરિતાર્થ કરવા રહ્યા. પરંતુ આ તત્ત્વને તેના વધારે પડતા ઉચ્છૃંખલ દાવામાંથી અગર તેને સંતોષવા ખાતર થતી ધમપછાડમાંથી નિવારવું જોઈએ;

અને એમ થાય તો જ કોઈ આફત વિના પોતાનું પૂરું પરિણામ તે પામી શકે અને એવી રીતે જ આખરે તેને પોતાથી પર થવા અનુપ્રાણિત કરી શકાય. અને આમ આખરે તેને એક વધુ મહાન આધ્યાત્મિક શુભ અને આનંદ પ્રત્યે વાળી શકાય. કોઈ પણ પ્રકારની આંતર કે બાહ્ય અરાજકતા ચાલે જ નહિ; કોઈ પણ પ્રકારનું જીવન સ્વેચ્છા, લાલસા, ઈન્દ્રિય-આકર્ષણ, સ્વાર્થ અને કામનાની નિરપેક્ષ કે અતિરેકવાળી માત્રાથી શાસિત થયેલું હોય, તે માનવ કે માનવોચિત અસ્તિત્વની સ્વાભાવિક અખિલાઈ હોઈ ન શકે. કોઈ ભોળવનારી કલ્પના એમ કહે કે તે શકય છે અને એ જ એક સાચો માર્ગ છે, તો તે એક પ્રલોભન છે; અને પશ્ચિમનું માનસ તેની સાથે વિલક્ષણ ઝોકથી ખેલી રહ્યું છે, સ્ફોટક બની રહ્યું છે. પરંતુ આ પ્રકારનો મનનો વળાંક, જેને અનુચિત રીતે પેગન-મતવાદ (Paganism) ને નામે ઓળખાવવામાં આવે છે, – કારણ કે, ગ્રીક ને પેગન બુદ્ધિશક્તિ નિયમને, સુસંગતિને અને આત્મસંયમને ઉમદા નજરે જોતી – તે ભારતીય ભાવનાને મન એક વિદેશી ભાવ છે. (એજન : ૧૧૧-૧૧૨)

*

*પાશ્ચિમાત્ય મનને જે પુરાણકથા અને કલ્પના છે તે અહીં એક યથાર્થતા છે અને આપણી આંતરિક સત્તાના જીવનનું સૂત્ર છે; ત્યાં જે સુંદર કાવ્યમય વિચાર છે, તાત્ત્વિક ચિંતન છે, તે અહીં અનુભૂતિની સમક્ષ સતત રજૂ થતી ઉપલબ્ધ વસ્તુ છે.*

***શ્રી અરવિન્દ***

*(ભારતીય સંસ્કૃતિના પાયા : ૨૯૪)*

# ભારતની જીવનશક્તિ

## ધર્મ અને નીતિશાસ્ત્ર

અનંતના ધ્યેયની પછી ધર્મના ધ્યેયનો તેનો પ્રધાન સૂર છે; આત્મા પછી ધર્મ જીવનનો પાયો છે. નીતિવિષયક એવો એક પણ વિચાર નથી જેના પર તેણે ભાર ન મૂક્યો હોય; તેને એક ઉચ્ચ આદર્શ અને આજ્ઞાત્મક સ્વરૂપે રજૂ કરવામાં આવ્યો છે; શિક્ષણ, નિષેધાજ્ઞા, નીતિકથા, કલાત્મક સર્જન, રચનાત્મક દૃષ્ટાંતો દ્વારા તેનું આગ્રહપૂર્વક દબાણ કરવામાં આવ્યું છે. સત્ય, માન, વફાદારી, નિષ્ઠા, હિંમત, પવિત્રતા, પ્રેમ, ચિર દુઃખ, આત્મ-બલિદાન, અહિંસા, ક્ષમા, અનુકંપા, પરોપકાર, ઉદારતા –, આ – સઘળા તેના સામાન્ય વિષયો છે, સાચા માનવજીવનનાં ઉપાદાન છે, માનવના ધર્મનું સારભૂત તત્ત્વ છે. પોતાના ઉચ્ચ અને ઉમદા નીતિશાસ્ત્રવાળો બૌદ્ધધર્મ, આત્મવિજયના કઠોર તપસ્યામૂલક આદર્શવાળો જૈનધર્મ, ધર્મની સર્વે બાજુઓને ભવ્ય દૃષ્ટાંતો દ્વારા રજૂ કરતો હિંદુધર્મ, – આમાંથી કોઈ પણ નૈતિક શિક્ષણ અને આચારની બાબતમાં બીજા કોઈ પણ ધર્મ કે પ્રણાલિકા કરતાં ઊતરતો નથી; ઊલટું, તેમનું સ્થાન મોખરે છે અને અત્યંત પ્રબળ અસરકારક શક્તિસંપન્ન પુરવાર થયા છે. પુરાતન કાળમાં આ ગુણોના આચારની બાબતમાં અઢળક આંતરિક તેમ જ બાહ્ય પ્રમાણો મળે છે. ઘણું અધઃપતન થયેલું હોવા છતાં આમાંની ઘણી વાતોની છાપ ઠીકઠાક પ્રમાણમાં જોવા મળે છે; જો કે પૌરુષના ગુણોની કેટલીક અવનતિ થવા પામી છે, કારણ કે તેમની શક્તિનો પૂર્ણ પમરાટ સ્વાતંત્ર્યની ભૂમિ પર થાય છે. જે અંગ્રેજ વિદ્વાનો ખ્રિસ્તી પૂર્વગ્રહયુક્ત હતા તેમના મનમાં એક વિરોધી ભ્રમણા જાગી : મોક્ષના એક સાધન તરીકે ભારતીય તત્ત્વજ્ઞાન કર્મના કરતાં જ્ઞાન પર વધારે ઝોક આપે છે, એ બાબતથી તેઓ ગેરરસ્તે દોરવાઈ ગયા. કારણ કે, તેમણે ધ્યાનપૂર્વક નોંધ્યું નહિ અથવા એ વાતને સમજી શક્યા નહિ કે સઘળા ભારતીય આધ્યાત્મિક ખોજ કરનારાઓને એક વાત સર્વવિદિત છે : દિવ્ય જ્ઞાનને માર્ગે પ્રથમ પગલું માંડતાં પહેલાં એક શુદ્ધ સાત્ત્વિક મન અને જીવન આવશ્યક છે. ગીતા જણાવે છે કે પાપ કરનારા મને પામી શકતા નથી. અને તેમને એ ગળે ઊતરી શક્યું નહિ કે ભારતીય ચિંતન પ્રમાણે સત્યનું જ્ઞાન એટલે બૌદ્ધિક અનુમતિ કે માન્યતા નહિ, પણ આત્મિક સત્ય પ્રમાણેનું નવચેતનાવાળું જીવન. પાશ્ચિમાત્ય માનસના ધોરણે નીતિ મુખ્યત્વે કરીને બાહ્ય વર્તનની વસ્તુ છે; પરંતુ ભારતીય માનસને ધોરણે વર્તન એટલે આત્મસ્થિતિની અભિવ્યક્તિ અને નિશાનીનું માત્ર એક સાધન. હિંદુધર્મ માત્ર આનુષંગિત રીતે કેટલીક પાળવાની આજ્ઞાઓ, નૈતિક નિયમાવલિને* સાંકળી લે છે; ઊંડી રીતે જોતાં તે મનની આધ્યાત્મિક કે નૈતિક શુદ્ધિને કર્મની સાથે એક બાહ્ય સંકેત તરીકે પાળવા યોગ્ય ગણે

* 'આચારસંહિતા' (અનુ.)

છે. તે પૂરતા બળપૂર્વક જણાવે છે, લગભગ ખૂબ આગ્રહપૂર્વક કે 'તારે હિંસા કરવી નહિ', પણ તેથીય દઢપણે આદેશ આપે છે, કે 'તારે દ્વેષ કરવો નહિ; લોભ, ક્રોધ કે વેરવૃત્તિને નમતું આપવું નહિ.' કારણ કે આ બધાં હિંસાનાં મૂળ છે. અને વળી હિંદુધર્મ સાપેક્ષ ધોરણોને માન્ય કરે છે, જે ડહાપણ યુરોપીય સમજશક્તિને ઘણું ભારે થઈ પડે છે. તેનો સર્વોત્કૃષ્ટ નિયમ છે અહિંસા (अहिंसा परमो धर्मः); છતાંય સૈનિકને માટે તેને સ્થૂળ નિયમ તરીકે પાળવાનો નથી; સૌનિકની પાસે તે આગ્રહપૂર્વક દયા, પરાક્રમ, યુદ્ધમાં ભાગ નહિ લેનાર પ્રત્યે, નિર્બળ, અશસ્ત્રસજ્જ, પરાજિત, કેદી, ઘવાયેલ તેમ જ શરણાર્થી પ્રત્યે આદરની અપેક્ષા રાખે છે; અને આમ આખાય જીવનને માટે કોઈ કડક નિરપેક્ષવાદી નિયમની અવ્યવહારુતામાંથી તે બચી જાય છે. (એજન : ૯૯-૧૦૦)

*

## જીવન વિશેની ભારતીય વિભાવના

ભારતીય જીવનલક્ષ્ય આ પ્રકારનું છેઃ તે એક વધુ ગહન કેન્દ્રમાંથી શરૂ થાય છે અને ક્રમશઃ બહારની તરફ વિસ્તરે છે, તેનું લક્ષ્ય સાવ ભિન્ન છે. ભારતીય વિચારણાની દૃષ્ટિની વિશેષતા એ છે કે તે બાહ્ય રૂપની આરપાર જુએ છે, ગતિતત્ત્વની આરપાર પણ જુએ છે અને સર્વત્ર વસ્તુઓમાં રહેલા આત્માની શોધ કરે છે. ભારતીય જીવન-એષણાની ખાસિયત એ છે કે તેને જો આત્માનું સત્ય જડયું ન હોય અને તેમાં જીવી શકતી ન હોય તો તે પોતાની જાતને અકૃતાર્થ માને છે, પૂર્ણતાના સંસ્પર્શને તો તે ગણતી નથી, કોઈ વચગાળાના સંતોષમાં હમેશને માટે કૃતકૃત્યતા માનતી નથી. જગત, પ્રકૃતિ અને અસ્તિત્વને વિશેનું ભારતીય દૃષ્ટિબિંદુ ભૌતિક નહિ, પણ મનોવૈજ્ઞાનિક અને આધ્યાત્મિક છે. આત્મા, અંતરાત્મા અને ચેતના, જડ પદાર્થતત્ત્વ અને નિશ્ચેતન શક્તિથી માત્ર મહત્તર નથી, પણ તે પૂર્વેનાં છે અને આ બધી નાની વસ્તુઓની શરૂઆત ત્યાંથી છે. બધાં પ્રકારનાં બળ, સામર્થ્ય એક શક્તિ છે, અથવા એક ગૂઢ આત્માનાં સાધન છે; જગતનું પાલન-પોષણ કરનારું બળ એ એક સચેતન સંકલ્પ-શક્તિ છે અને પ્રકૃતિ તેની કાર્યવાહક શક્તિની મશીનરી (machinery) છે. પદાર્થતત્ત્વ તેના પોતાનામાં છૂપી રહેલી ચેતનાનો દેહ કે ક્ષેત્ર છે, આ ભૌતિક સૃષ્ટિ પરમાત્માનું રૂપ છે, તેની ગતિ છે માનવ પોતે પદાર્થતત્ત્વમાંથી જન્મેલ કોઈ પ્રાણ અને મન નથી, ભૌતિક પ્રકૃતિને શાશ્વત કાળને માટે વશવર્તી નથી; પણ તે એક પ્રાણ અને દેહને ઉપયુક્ત કરનાર આત્મા છે. (એજન : ૧૦૫)

*

## ક્રમાંકિત ઉત્ક્રાંતિગત અધિશ્રેણી

આ ધર્મ, જે એકીસાથે આપણા કર્મનું ધર્મગત સત્ય છે અને આપણા સ્વભાવનું પરમ ગહન સત્ય છે, તે, પશ્ચિમની વિચારણાની માફક કોઈ નીતિગત અને સમાજગત

નિયમને પ્રેરનાર મત, સંપ્રદાય કે આદર્શ નથી; ધર્મ એટલે આપણા જીવનને તેના પ્રત્યેક ભાગમાં ક્રિયાપ્રેરક સમ્યક્ સત્ય. માનવમાં પોતાના જીવનનું ન્યાયી અને પૂર્ણ સત્ય શોધવાની જે વૃત્તિ છે, તેનું સત્ય અને ઔચિત્ય તેને ધર્મમાં મળે છે. અલબત્ત, દરેક વસ્તુને પોતાનો ધર્મ છે, અર્થાત્ તેની પ્રકૃતિએ આરોપિત કરેલું તેના જીવનનું સત્ય; પરંતુ મનુષ્યને માટે આદર્શ જીવન જીવવાનું જાગ્રત સાંગોપાંગ આરોપણ એ ધર્મ છે. ધર્મ તેના તત્ત્વમાં અચલ છે, છતાં તે આપણી ચેતનામાં વિકાસ પામે છે અને ઉત્ક્રાંત થાય છે અને તેની ભૂમિકાઓ છે; આપણી પ્રકૃતિના સર્વોચ્ચ સત્યની શોધમાં આધ્યાત્મિક અને નૈતિક આરોહણની શ્રેણીઓ છે. સઘળા મનુષ્યો સઘળી બાબતોમાં એક સર્વસામાન્ય અને અપરિવર્તનીય નિયમને અનુસરી શકે નહિ. જીવન એટલું બધું જટિલ છે કે તેને કોઈ સાદાઈનો સ્વૈચ્છિક આદર્શ, જેને નીતિનો ઉપદેશ કરનાર સિદ્ધાન્તવાદી ચાહે છે, તે પાલવી શકે તેમ નથી. પ્રકૃતિએ પ્રકૃતિએ ફરક છે; જે સ્થિતિમાં રહીને જે કાર્ય આપણે કરવાનું હોય છે તેને પોતાના હક્કો છે, ધોરણો છે; દરેકને માટેનું લક્ષ્ય, મનોવલણ, જીવનનું આહ્વાન, અંતરાત્માનો અવાજ એકસરખાં હોતાં નથી : કક્ષા, વિકાસનો વળાંક અને સામર્થ્ય (अधिकार) સમાન નથી. મનુષ્ય સમાજમાં અને સમાજ વડે જીવે છે, અને દરેક સમાજને પોતપોતાનો સાધારણ ધર્મ હોય છે, અને વ્યક્તિગત જીવનને ગતિના આ વિશાળતર સત્યની સાથે બંધબેસતું કરવું પડે છે. પરંતુ ત્યાંય સમાજમાં વ્યક્તિનો ભાગ, તેનો સ્વભાવ, તેનાં સામર્થ્ય અને મિજાજની જરૂરિયાતોમાં ફરક હોય છે અને તેમાં ઘણા પ્રકારો છે, કક્ષાઓ છે : સામાજિક નિયમે આ સઘળી વિવિધતાને સ્થાન આપવું જોઈએ અને બધાને માટે ચુસ્તપણે એકને વળગી રહેતાં તે ઘણું ગુમાવશે. જ્ઞાની, શક્તિશાળી, ઉત્પાદન કરનાર અને ઉપાર્જન કરનાર, પુરોહિત, અભ્યાસી, કવિ, કળાકાર શાસક, યોદ્ધો, વેપારી, ખેડૂત, કારીગર, મજૂર, નોકર, એમને એક જ પ્રકારની તાલીમ આપ્યે કારગત નીવડે નહિ, એમને એક જ ઢાંચામાં ઢાળી શકાય નહિ, સઘળા એક જ પ્રકારનું જીવન અનુસરી શકે નહિ. બધાને નિયમના એકસરખા કોઠામાં પૂરવા ન જોઈએ; કારણ કે એ પ્રકારની અર્થ વગરની ભૌમિતિક અકડાઈ જીવનના ઢળણશીલ સત્યને દૂષિત કરે છે. દરેકને પોતાના સ્વભાવની વિશેષતા હોય છે અને એ વિશેષતાને પૂર્ણતાએ લઈ જવાનો નિયમ હોવો જોઈએ; દરેકને પોતાનું યોગ્ય નિયત કાર્ય હોય છે અને તે કાર્યને માટે એક સામાન્ય નિયમ, એક આદર્શ હોવા જોઈએ. બધી બાબતોમાં આચરણને વિશેનું કંઈક દૂરંદેશી અને સમજપૂર્વકનું ધોરણ, અને પૂર્ણતા તેમ જ જીવનને જીવવાના નિયમનો વિચાર હોવાંજોઈએ, – અને ધર્મને માટે આ એક જરૂરી વસ્તુ છે. (એજન : ૧૧૩-૧૧૪)

*

## આર્ય, માનવનો આદર્શ

ભારતીય વિચારમાં આ સાર્વભૌમ, સર્વનો સમાવેશ કરનારો ધર્મ મનુષ્યના વિકાસશીલ મન અને આત્માને માટે એક આદર્શ પૂર્ણતાનો નિયામક છે; એ તેને અમુક ઉચ્ચ કે વિશાળ સાર્વભૌમ ગુણોની શક્તિ અને બળમાં વિકસવાની ફરજ પાડે છે, અને એ સૌના સુમેળને લઈને માનવત્વનો (manhood) એક સર્વોચ્ચ પ્રકાર ઘડાય છે. ભારતીય વિચાર અને જીવનમાં આ શ્રેષ્ઠનો આદર્શ ગણાતો, આર્યનો ધર્મ ગણાતો, પોતાની પૂર્ણતા પ્રાપ્ત કરવાને મથતી વ્યક્તિને માટેની શિક્ષા ગણાતી (आर्य, श्रेष्ठ, सज्जन, साधु). આ આદર્શ માત્ર નૈતિક કે સદાચારલક્ષી ધ્યેય ન હોતો, જો કે એ તત્ત્વનું પ્રભુત્વ એમાં હોઈ શકે છે; એ સાથેસાથે બૌદ્ધિક, ધાર્મિક, સામાજિક, સૌન્દર્યાત્મક પણ હતોઃ સાંગોપાંગ આદર્શ માનવ તેમાંથી નીપજતો, આખીય માનવપ્રકૃતિની પૂર્ણતાને તે આવરી લેતો. ભારતીય શ્રેષ્ઠત્વની અને આર્યત્વની ધારણામાં અનેક વૈવિધ્યવાળા ગુણો હળીમળી જતા. હૃદયમાં પરોપકાર, દાનપરાયણતા, પ્રેમ, અનુકંપા, પરમાર્થ, સહિષ્ણુતા, ઔદાર્ય, માયાળુતા, ધીરજ; ચારિત્ર્યમાં હિંમત, પરાક્રમ, તાકાત, વફાદારી, મિતાહારવિહાર, સત્ય, માન, ન્યાય, શ્રદ્ધા, આજ્ઞાંકિતતા અને આદરમાન જ્યાં તેને માટે પાત્ર હોય ત્યાં, પણ સાથેસાથે શાસન કરવાની અને સંચાલન કરવાની શક્તિ, એક સુંદર વિનમ્રતા અને છતાં પ્રબળ સ્વાધીનતા અને ગૌરવભર્યું અભિમાન; મનમાં ડહાપણ, બુદ્ધિશક્તિ અને શીખવાનો પ્રેમ, ઉત્તમ વિચારોનું જ્ઞાન, કવિતા, કળા અને સૌન્દર્ય પ્રત્યે ખુલ્લાપણું, કામમાં શિક્ષિત ગ્રહણશક્તિ અને કુશળતા; આંતરિક સત્તામાં એક પ્રબળ ધાર્મિક સમજ, ભકિત, પ્રભુપ્રેમ, સૌથી ઉચ્ચની ખોજ, આધ્યાત્મિક વલણ; સામાજિક સંબંધો અને વર્તનમાં બધાય સામાજિક ધર્મોનું કડક પાલન, – પિતા, પુત્ર, પતિ, ભાઈ, સંબંધી, મિત્ર તરીકે, શાસક કે પ્રજા, માલિક કે નોકર, પુરોહિત કે સૈનિક કે કાર્યકર્તા તરીકે, રાજા કે ઋષિ, કુલ કે જ્ઞાતિના સભ્ય તરીકેઃ આ હતો ઉચ્ચ સંસ્કાર પામેલા ઉદાત્ત સ્વભાવના માનવનો, આર્યનો, કુલ્લે આદર્શ. (એજન : ૧૧૪-૧૧૫)

*

## ચાતુર્વર્ણ્યની પ્રાચીન પ્રથા

ચાતુર્વર્ણ્યની પ્રાચીન પ્રથાને, પાછળથી તેની અનેક રીતે ખંડિત થઈને અધોગતિ પામેલી અને એક સ્થૂળ નિરર્થક નિઃસત્ત્વ એવી જ્ઞાતિપ્રથાની સાથે તુલના કરીને અવલોકવી ન્યાય્ય ન ગણાય. વળી બીજી સભ્યતાઓમાં જે ચાર વર્ગો પુરોહિત, અમીર, વેપારી અને ખેતગુલામ કે શ્રમજીવીને નામે ઓળખાય છે, તેવા તે વર્ગો ન હતા. બાહ્ય રીતે કદાચ બંનેની શરૂઆત એક પ્રકારે થઈ હોય, પણ ચાતુર્વર્ણ્યની પાછળ એક ભિન્ન પ્રકારનું અર્થદ્યોતક મહત્ત્વ રહેલું હતું. ભારતના તે સમયની ધારણા એવી હતી કે માનવ તેના સ્વભાવ પ્રમાણે ચતુર્વિધ શ્રેણીમાં વિભક્ત થઈ શકે છે.

સૌથી પ્રથમની શ્રેણી જે સર્વોચ્ચ ગણાય, તેમાં શિક્ષણ, વિચાર અને જ્ઞાન પામેલા માનવોનો સમાવેશ થાય; પછી આવે શક્તિશાળી અને કર્મશીલ માનવગણ, શાસન કર્તા, યોદ્ધા, નેતા અને વહીવટી બુદ્ધિવાળો પ્રકાર; આ ક્રમની ત્રીજી શ્રેણીમાં આવે અર્થપરાયણ માનવ, ઉત્પાદક, ધન પ્રાપ્ત કરનાર, વહેપારી, કારીગર અને કૃષિજીવી ગણ. આ ત્રણેય વર્ણ દ્વિજ ગણાતા. તેમને દીક્ષા મળતી અને તે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યને નામે ઓળખાતા. છેલ્લો વર્ગ હતો વધુ અણવિકસિત માનવ પ્રકારનો જે આ સોપાન-પરંપરામાં બંધબેસતો ન હતો : અબૌદ્ધિક, શક્તિહીન, સર્જન કરવાને કે સમજપૂર્વકના ઉત્પાદનને માટે અક્ષમ. આ પ્રકારનો માણસ બિનતાલીમી શ્રમને માટે તેમ જ ચાકરીને માટે લાયક ગણાતો. તેને શૂદ્ર કહેતા. સમાજની અર્થાનુક્રમિક રચના આ પ્રકારની ચતુર્વિધ શ્રેણીમાં અને સ્વરૂપમાં થઈ હતી. બ્રાહ્મણ વર્ગ સમાજને પુરોહિત, વિચારક, સાક્ષર, ધારો ઘડનાર, વિદ્વાન, ધાર્મિક અગ્રણી અને માર્ગદર્શન પૂરા પાડતો. ક્ષત્રિય વર્ગ રાજાઓ, યોદ્ધાઓ, રાજ્યપાલો અને વ્યવસ્થાપકો પૂરા પાડતો. વૈશ્ય વર્ગ ઉત્પાદકો, ખેડૂતો, કારીગરો, મિસ્ત્રીઓ, વહેપારીઓ, દુકાનદારો પૂરા પાડતો. શૂદ્ર વર્ગ તેના નોકરો-ચાકરો વગેરે કામકાજની હાજતો પૂરી પાડતો. જ્યાં લગી આ પ્રણાલિકા ચાલી ત્યાં લગી તેના લાંબા સમય સુધી અસામાન્યપણે ટકી રહેવા સિવાય બીજી ખાસ વિશેષતા ન હોતી; અને કદાચ, તેમાં ધર્મને, વિચારને, શિક્ષણને જે મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું તે, માત્ર શ્રેણીના ઉપલા વિભાગ પૂરતું જ નહિ કારણ કે બીજી એક-બે સભ્યતાઓમાં તેનો જોટો જોવા મળે છે, પણ એક પ્રભાવશાળી સત્તા તરીકે. (એજન : ૧૨૧-૧૨૨)

*

## જન્મ નહિ પરંતુ આંતર પ્રકૃતિ

કારણ કે, ચાતુર્વર્ણ્યની ભારતીય યોજનાની ખરી મહાનતા તેની આર્થિક કાર્યવહેંચણીના સુવ્યવસ્થિત વિભાગીકરણમાં ન હોતી; તેની સાચી મૌલિકતા અને ચિરસ્થાયી મૂલ્ય સમાજના ચિંતકો અને ઘડવૈયાઓએ તેનાં બાહ્ય સ્વરૂપોમાં જે નૈતિક અને આધ્યાત્મિક તત્ત્વ મૂક્યું, તેમાં હતું. આ આંતરિક તત્ત્વને લઈને વિચારણા ચાલી કે જાતિની મૂલગત જરૂરિયાત વ્યક્તિનો બૌદ્ધિક, નૈતિક અને આધ્યાત્મિક વિકાસ છે. સમાજ પોતે આ પ્રકારના વિકાસ માટેનું માત્ર એક આવશ્યક માળખું છે; તે, સંબંધોની એવી એક વ્યવસ્થા છે જે તેને જરૂરી માધ્યમ, ક્ષેત્ર અને પરિસ્થિતિ તેમ જ સહાયક પરિબળોનું સંકલન પૂરાં પાડે છે. વ્યક્તિને સમષ્ટિમાં એવા એક સહીસલામત સ્થાનની જરૂર હતી, જ્યાંથી તે આ સઘળા સંબંધોને સેવી શકે અને સાથે સાથે સમાજને ટકાવી રાખવામાં સહાયભૂત થઈ શકે, પોતાની ફરજ અને સહકારનું ઋણ ચૂકવી શકે અને સામૂહિક જીવનમાંથી મળતી શક્ય ઉત્તમ સહાયથી પોતાનો આત્મવિકાસ સાધવા

આગળ ધપી શકે. વ્યવહારમાં જન્મને એક પ્રારંભિક સ્થૂળ અને સ્વાભાવિક સૂચક નિર્દેશ તરીકે સ્વીકારવામાં આવ્યો હતો; કારણ કે ભારતીય મનને પારણાનાં લક્ષણ (heredity) હમેશાં સૌથી મહત્ત્વનાં અંગ તરીકે લાગ્યાં છે : પાછળની વિચારણામાં વ્યક્તિએ પોતાનાં જન્મ પહેલાંનાં અસ્તિત્વોના અતીતકાલીન આત્મવિકાસની જે પરિસ્થિતિઓની પૂર્વ તૈયારી કરી હતી તેના પ્રકારની નિશાની તરીકે, સાંકેતિક ચિહ્ન તરીકે ગણવામાં આવ્યો હતો. પરંતુ જન્મવર્ણની કસોટી નથી, એકમાત્ર કસોટી હોઈ ન શકે. માનવની બૌદ્ધિ સમર્થતા, તેની ચિત્તવૃત્તિનો ઝોક, તેની નૈતિક પ્રકૃતિ, તેનું આધ્યાત્મિક ક્લેવર, – આ બધાં અગત્યનાં અંગો ગણાય. આથી કરીને આ બધાં અંગોને પ્રગટવાની તક મળે અને આ આવશ્યક વસ્તુઓને આકાર આપી શકે એવાં કેટલાંક બાંધકામ થયાં : કૌટુમ્બિક જીવનની સંસ્થા, વ્યક્તિગત રીતરિવાજની પદ્ધતિ અને પોતાના વિકાસની તાલીમ, ઉછેરનું બળ અને કેળવણી. પ્રત્યેક મનુષ્ય મનની શક્તિઓ, અભ્યાસ અને સિદ્ધિઓની બાબતમાં કાળજીપૂર્વકની તાલીમ પામતો અને જીવનમાં જે કાર્ય કરવાનું તેને માટે નિર્માતું તે યોગ્ય રીતે અદા કરવા માટે આવશ્યક કર્તવ્ય અને માનની બાબતમાં તે ટેવાઈ જતો. તેને જે કરવાનું હતું તેના વિજ્ઞાનનાં સાધનો તેને ચોકસાઈથી પૂરાં પાડવામાં આવતાં, એક અર્થ તરીકે તેમાં ઉત્તમ રીતે સફળ થાય તે જોવામાં આવતું. અને તેને અંગે જે પ્રવૃત્તિઓ હાથ ધરવી પડે, – આર્થિક, રાજકીય, પૌરોહિત્યની, સાહિત્યિક, અભ્યાસવિષયક અથવા તો અન્ય જે કોઈ હોય તે, – તેમાં સૌથી વધુ ઉત્તમ પ્રકારની સિદ્ધિઓ માન્ય થયેલાં પૂર્ણતાનાં ધોરણો પ્રમાણે પ્રાપ્ત કરી શકે તે પ્રત્યે ધ્યાન અપાતું. સૌથી વધુ તિરસ્કૃત ધંધાઓને માટે પણ શિક્ષણ હતું, તેમના નિયમો, ધોરણો હતાં; સફળતાની મહત્ત્વાકાંક્ષા, આવેલા કામને પૂરું કરવું અને સાવધાનીપૂર્વક સારી રીતે સંપન્ન કરવામાં આત્મસંમાનની એક ભાવના, તથા પૂર્ણતાના એક નિયત માનદંડ પ્રત્યે સગૌરવે લક્ષ રાખવું, – આ બધું હતું. અને, કારણ કે આ બધું હતું, તેને લઈને સૌથી હલકું અને ઓછામાં ઓછું આકર્ષક કામ પણ કંઈક અંશે આત્મશોધ અને વ્યવસ્થિત આત્મસંતોષને માટે સાધનરૂપ થતું. (એજન : ૧૨૩-૧૨૫)

*

**આધ્યાત્મિક ધ્યેય**

ભારતીય સંસ્કૃતિ અને યુરોપીય સંસ્કૃતિના ભેદના મૂળમાં ભારતીય સભ્યતાનું આધ્યાત્મિક ધ્યેય રહેલું છે. તેનાં સમૃદ્ધ અને ફૂલ્યાંફાલ્યાં વૈવિધ્યસભર રૂપો અને ભાવભંગિઓ પર તેના આ ધ્યેયની છાપ અંકિત થયેલી છે અને તેને લઈને તેનું સ્વરૂપ એક નિરાળી વિશિષ્ટતા ધારણ કરે છે. બીજી સંસ્કૃતિઓની સાથે, જ્યાં તેનું સરખાપણું જોવામાં આવે છે ત્યાં પણ તેની વિશિષ્ટ મૌલિકતા અને એકલ મહત્તાની

છાપ તરી આવે છે. આ સંસ્કૃતિની નિયામક શક્તિ તેની અધ્યાત્મભાવી અભીપ્સા હતી, – એ જ તેનું વિચારબીજ, એ જ તેનો મુખ્ય જુસ્સો હતો. આધ્યાત્મિકતાને તેણે જીવનનું ઉચ્ચતમ ધ્યેય માન્યું હતું એટલું જ નહિ, પણ માનવજાતિની તે ભૂતકાળની પરિસ્થિતિમાં જેટલે અંશે શક્ય તેટલે અંશે સમગ્ર જીવનને તે પ્રત્યે વાળવાનો તેણે પ્રયત્ન કર્યો હતો. પરંતુ માનવમનમાં ધર્મ એ પ્રથમ સાહજિક અંતઃપ્રેરણા હોય છે, જો કે આધ્યાત્મિકતાનું એ અપૂર્ણ રૂપ છે; અને તેને કારણે આધ્યાત્મિક વર્ચસ્વ તેમ જ જીવનને તેની પકડમાં લેવાના પ્રયત્નને પરિણામે વિચાર અને આચારને ધાર્મિક ઢાળમાં ઢળાવાની ફરજ પડે છે અને જીવનની પ્રત્યેક પરિસ્થિતિ ધાર્મિક ભાવે રંગાતી રહે છે. આથી એક વ્યાપક ધાર્મિક અને તાત્ત્વિક સંસ્કૃતિની જરૂર ઊભી થઈ. અલબત્ત, ધાર્મિક સ્વરૂપ અને મતથી સંચાલિત જિજ્ઞાસાની ઊતરતી કક્ષાના કરતાં સર્વોત્તમ આધ્યાત્મિકતા એક મુક્ત અને વિશાળ વાતાવરણમાં વિચરે છે; તેમની મર્યાદાઓને તે સહેલાઈથી સહી શકતી નથી, તેમનો સ્વીકાર કરવા છતાં તે તેમનાથી પર હોય છે અને તે એક એવા સ્વાનુભૂતિના ક્ષેત્રમાં રહે છે જે વૈધિક ધાર્મિક મનને માટે ન સમજાય તેવું બને છે. પરંતુ માનવ તે આંતરિક ઉન્નતિને એકદમ પામી જતો નથી; અને તેની પાસે તે પ્રકારની માગણી જો તત્કાલ કરવામાં આવે તો તે ત્યાં કદાપિ પહોંચી શકશે નહિ. શરૂશરૂમાં તેને નીચેના ટેકાઓ અને ચઢાણની કક્ષાઓની જરૂર હોય છે; અને જ્યારે તે પોતાની અંદર આત્માના મંદિરની રચના કરતો હોય છે ત્યારે તેને પગ મૂકવા પૂરતાં ધર્મમત, પૂજા, મૂર્તિ, ચિહ્ન, આકાર, પ્રતીક અને મિશ્ર અર્ધપ્રાકૃત અવસ્થાનો સંતોષ અને અનુમતિના માંચડાની માગણી કરતો હોય છે. એ તો જ્યારે મંદિર પૂરું ચણાઈ જાય ત્યારે ટેકાઓ લઈ લેવાય, માંચડો અદશ્ય થઈ જાય. હાલમાં આપણે જે ધાર્મિક સંસ્કૃતિને હિંદુત્વને નામે ઓળખીએ છીએ, તેણે તેનો હેતુ પૂર્ણ રીતે પાર પાડ્યો છે એટલું જ નહિ, પણ અન્ય સાંપ્રદાયિક ધર્મોથી વિરુદ્ધ તે પોતાના ધ્યેયને જાણતી હતી. તેણે પોતાનું નામ પાડ્યું નહિ, કારણ કે તેણે પોતાને માટે કોઈ સાંપ્રદાયિક મર્યાદાઓ આંકી નથી; તેણે સાર્વત્રિક અનુસરણનો દાવો કર્યો નથી, કોઈ એકમાત્ર દોષરહિત માન્યતા તેણે રજૂ કરી નથી. મુક્તિનું દ્વાર કે કોઈ એક સંકીર્ણ પંથ ખડો કર્યો નથી. કોઈ એક સંપ્રદાય કે મતના કરતાં તેને માનવાત્માના ઈશ્વરાભિમુખી પ્રયત્નની સતત વિસ્તરતી પરંતરા કહેવું વધારે ઉચિત ગણાશે. આધ્યાત્મિક આત્મગઠન અને આત્મ-સંશોધનને માટે પૂરી પાડનારી સર્વે દિશાની, સર્વે અવસ્થાની સામગ્રીવાળી સંસ્કૃતિને પોતાને યોગ્ય રીતે ઓળખાવવાનું માત્ર એક જ નામ હતું, અને તે હતું સનાતન ધર્મ, એક શાશ્વત ધર્મ. જો ભારતીય ધર્મનો આ અર્થ અને ભાવ સમ્યક્ રીતે આપણે ગળે ઊતરે તો જ આપણે ભારતીય સંસ્કૃતિનો અર્થ અને ભાવ સમજી શકવાને સમર્થ ગણાઈએ.

(એજન : ૧૩૩-૧૩૪)

*

## સમન્વય અને એકીકરણ

આપણે જોવું જોઈએ કે પુરાણોમાં અને તંત્રોમાં જે સર્વોચ્ચ આધ્યાત્મિક અને તાત્ત્વિક સત્યો ભર્યાં છે, એ બધાં વિચારકોની ચર્ચાઓની માફક એકબીજાથી વિરુદ્ધ રીતે ખંડિત થયેલાં અને અભિવ્યક્ત થયેલાં નથી; પણ ભારતીય માનસ અને અંતરાત્માની ઉદાર દૃષ્ટિને સૌથી વધુ માફક આવે એ રીતે એકીકરણ, સંબંધ કે વર્ગીકરણથી સમન્વિત થયાં છે. કેટલીક વાર આમ સ્પષ્ટતાપૂર્વક કરવામાં આવ્યું છે, પણ ઘણી વાર એવા રૂપમાં કરવામાં આવ્યું છે કે જેથી કરીને તેમાંનું કંઈક લોકકલ્પનાને અને લોકલાગણીને દંતકથા, વાર્તા, પ્રતીક, અન્યોક્તિ, ચમત્કાર અને બોધકથા દ્વારા સ્પર્શે. તંત્રોમાં મનોઆધ્યાત્મિક અનુભૂતિનો પુષ્કળ અને જટિલ ઢંગ મૂર્તિમંત થાય છે, જેને દશ્ય પ્રતિરૂપો પુષ્ટ કરે છે અને યોગાભ્યાસ પોતાના પ્રકારોમાં પદ્ધતિપૂર્ણ કરે છે. આ તત્ત્વ પુરાણોમાં પણ જોવા મળે છે, પણ તે વધુ શિથિલ રીતે અને તેને ઓછી શ્રમપૂર્ણ પરંપરામાં ઢાળવામાં આવ્યું છે. આખરે તો આ પદ્ધતિ વેદની પદ્ધતિનો વિસ્તાર છે, બીજા સ્વરૂપે અને પ્રકૃતિગત પરિવર્તનની સાથે, પુરાણો ભૌતિક પ્રતિરૂપોની અને ક્રિયાકાંડની પ્રણાલિકાનું નિર્માણ કરે છે, જેમાંના પ્રત્યેકનું પોતાનું ચૈત્યાત્મક મહત્ત્વ હોય છે. દાખલા તરીકે, ગંગા, યમુના અને સરસ્વતી એ ત્રણે નદીઓનો સંગમ એક આંતરિક ત્રિવેણીસંગમનું રૂપક બને છે, અને યોગની મનો-શારીરિક પ્રક્રિયામાં થતી એક નિર્ણાયક અનુભૂતિનો નિર્દેશ કરે છે અને તેના વળી બીજા પણ સંકેતો હોય છે, જે આ પ્રકારના પ્રતીકવાદની મર્યાદામાં સર્વસામાન્ય હોય છે. પુરાણોની કહેવાતી અટપટી ભૂગોળ, જેને વિશે આપણને ખુદ પુરાણોમાં જ જણાવવામાં આવ્યું છે, કે તે એક સમૃદ્ધ કાવ્યમય રૂપક છે, આંતરિક ચૈત્યાત્મક જગતની એક પ્રતીકાત્મક ભૂગોળ છે. કેટલીક વાર ભૌતિક જગતને લગતી પરિભાષામાં બ્રહ્માંડની ઉત્પત્તિ જે રીતે અભિવ્યક્ત થાય છે, તેનો, વેદની રીતે, એક આધ્યાત્મિક અને મનોવૈજ્ઞાનિક અર્થ અને પાયો છે.

(એજન : ૩૪૧)

*

## અધિકાર ભેદ

ભારતીય માનસને માટે પ્રાણીમાત્ર દિવ્ય શક્તિના અંશો છે, વિકાસ પામતા આત્માઓ છે, અને આખર જતાં પરિત્રાણ પામીને આત્મામાં મુક્તિ પામવાના છે. જેમ જેમ તેમનામાં સારાશ વધતી જશે, અથવા સાચી રીતે જોતાં, તેમનામાં રહેલ દેવતા શોધાશે અને પોતા વિશે જાગ્રત થશે, તેમ તેમ સૌ પોતામાં રહેલા ઉત્તમ તત્ત્વના સ્પર્શને અને તેના આહ્‌વાનને અનુભવશે અને તે દ્વારા શાશ્વત અને દિવ્યનું આકર્ષણ વધતું જશે. પણ વાસ્તવિક રીતે જીવનમાં માણસ અને માણસની વચ્ચે અસંખ્ય તફાવતો છે; કેટલાક અંદરથી વિકાસ પામેલા હોય છે, ઘણાખરા ઓછા પરિપક્વ હોય છે, અને

કેટલાય અથવા સાચું પૂછો તો લગભગ બધા ઊગતી દશાના જીવો હોય છે, જેમને માટે મોટાં પગલાં ભરવાં અને કષ્ટસાધ્ય પ્રયાસો આદરવા અશક્ય ગણાય. દરેકની સાથે તેની પ્રકૃતિ અનુસાર અને તેના જીવની દશા પ્રમાણે વર્તવું જરૂરી હોય છે. પરંતુ સામાન્ય રીતે જોતાં, આધ્યાત્મિક આહ્‌વાન કે ધાર્મિક પ્રભાવ કે અંતઃપ્રેરણા પ્રત્યે ખુલ્લા થવાની ઓછી-વધતી માત્રા પ્રમાણે તેમના મુખ્યત્વે ત્રણ પ્રકાર પાડી શકાય. માનવની વિકસતી જતી ચેતનાની ત્રણ ક્રમિક અવસ્થાઓને આ પ્રભેદ મળતા આવે છે. એક છે સ્થૂળ, અણઘડ, બાહ્યતાપ્રવણ, પ્રાણ અને ભૌતિકતા તરફ જેનું મન વળેલું હોય તેવો; એને તેના અજ્ઞાનને અનુરૂપ તરકીબો દ્વારા જ આગળ લઈ જઈ શકાય. બીજો છે વધુ વિકાસ પામેલો. વધુ પ્રબળ અને વધુ ઊંડા મનો-આધ્યાત્મિક અનુભવને ઝીલી શકે તેવો, મરદાનગીમાં વધુ પાકટ થયેલો અને વધુ જાગ્રત બુદ્ધિશક્તિની બક્ષિસ પામેલો, વધુ વિશાળ પ્રાણિક કે સૌન્દર્યબોધાત્મક ખુલ્લાપણાવાળો, વધુ પ્રબળ નૈતિક શક્તિસંપન્ન. ત્રીજો છે સૌથી પરિપક્વ અને વિકાસ પામેલો, આધ્યાત્મિક ચઢાણો માટે તૈયાર, પ્રભુના અને પોતાની સત્તાના સૌથી ઊંચા આખરી સત્ય પ્રતિ આરોહણ કરવાને કે તે ઝીલવાને અને દિવ્ય અનુભૂતિનાં શિખરો પર પગલાં પાડવાને લાયક.*

(એજન : ૧૭૬-૧૭૭)

*

## સંતો અને વીરો

ભારતની તેના મહાન સંતો, ઋષિઓ, ચિંતકો, ધર્માચાર્યો, કવિઓ, સર્જકો, વૈજ્ઞાનિકો, વિદ્વાનો અને સ્મૃતિકારોની નામાવલિ જ માત્ર લાંબી છે તેમ નથી; પણ તેણે મહાન રાજાઓ, શાસકો, સૈનિકો, વિજેતાઓ, વીરો, જીવંત પ્રબળ ઇચ્છાશક્તિ-સંપન્ન પુરુષો, યોજના કરનારાં મન અને ઘડનારી દેખતી શક્તિ, પણ ઉત્પન્ન કર્યા છે; તેણે યુદ્ધો ખેડ્યાં છે અને શાસન કર્યું છે, વહેપાર કર્યા છે અને વસાહતો સ્થાપી છે અને પોતાની સભ્યતા ફેલાવી છે, શાસનતંત્રો રચ્યાં છે અને સમૂહો તેમ જ સમાજો સ્થાપ્યાં છે, મહાન પ્રજાને છાજે તેવી સઘળી બહારની પ્રવૃત્તિ કરી છે. કોઈ પણ રાષ્ટ્ર પોતાની મનોવૃત્તિને જે સૌથી અનુરૂપ હોય અને પ્રેરક વિચારોને અભિવ્યક્ત કરી શકે તેમ હોય તેવા કાર્યની દિશામાં તેના સૌથી જીવંત નમૂનાઓ પ્રગટાવવા ટેવાયેલું હોય

* તાંત્રિક રીતે તેને પશુ, વીર અને દેવ, એમ વિભક્ત કરવામાં આવ્યા છે. અથવા તો આપણે ત્રણ ગુણો પ્રમાણે ક્રમભેદ પાડી શકીએ: પ્રથમ તામસિક કે રજો-તામસિક, જે અજ્ઞાન, નિશ્ચેષ્ટ, અથવા નાનાં સંચાલક બળોને લઈને નાનકડા પ્રકાશમાં સંચાલિત થાય તેવા હોય તે; બીજા રાજસિક કે સત્ત્વ-રાજસિક, જે જાગ્રત મન અને સંકલ્પ વડે આત્મવિકાસ કે આત્મ-દઢાભિવ્યક્તિ માટે ઝૂઝતા હોય તે; અને ત્રીજા સાત્ત્વિક, પ્રકાશ પ્રત્યે મન, હૃદય અને સંકલ્પમાં ખુલ્લા, સોપાનપરંપરામાં ટોચ પર ઊભેલા અને તેને ટપી જવા તત્પર હોય તે.

છે, અને આ રીતે ભારતમાં મહાન સંતો અને ધર્માચાર્યો મોખરે રહ્યા છે અને મહત્તાના જ્વલંત દૃષ્ટાન્ત સમા વિશિષ્ટ રીતે નિરંતર સૌની સમક્ષ રહ્યા છે, જેમ રોમ મોટે ભાગે તેના યોદ્ધાઓ, રાજનીતિજ્ઞો અને રાજાઓમાં જીવંત હતું તેમ. પ્રાચીન કાળમાં ઋષિ સૌથી આગળ પડતી વ્યક્તિ ગણાતી અને વીર તેમની પડખે રહેતો; જ્યારે પાછળથી એક લાંબી અસ્ખલિત હારમાળા, બુદ્ધ અને મહાવીરથી માંડીને રામાનુજ, ચૈતન્ય, નાનક, રામદાસ, તુકારામ લગીની અને પછી રામકૃષ્ણ, વિવેકાનંદ અને દયાનંદ લગીની તેનું વિશિષ્ટ અંગ ગણાતી. પરંતુ સાથે સાથે રાજનીતિજ્ઞો અને શાસકોની નોંધપાત્ર સિદ્ધિઓ પણ જોવા મળે છે; જ્યાંથી નિર્ણયયોગ્ય ઇતિહાસની પ્રથમ ઉષા પ્રગટી એવી પ્રભાવશાળી વ્યક્તિઓથી તેની શરૂઆત થાય છે, – જેમ કે ચન્દ્ર ગુપ્ત, ચાણક્ય, અશોક અને ગુપ્ત સમ્રાટો; ત્યાંથી માંડીને મધ્યયુગ તેમ જ આધુનિક કાળ લગીની અસંખ્ય પ્રખ્યાત હિંદુ અને મુસલમાન વ્યક્તિઓ જોવા મળે છે. પ્રાચીન ભારતમાં ગણતંત્રો, અલ્પજનતંત્રો, પ્રજાતંત્રો અને નાનાં રાજ્યો, જેને વિશે ઇતિહાસની વિગતો આપણને મળતી નથી, વગેરેથી જીવન સમૃદ્ધ હતું. ત્યાર પછી સામ્રાજ્યનિર્માણના ઘણા પ્રયાસો થયા : સીલોન અને દ્વીપસમૂહોની વસાહતો પઠાણ અને મોગલ વંશોની ચડતી અને પડતીની સાથે સંકળાયેલાં પ્રભાવશાળી યુદ્ધો, દક્ષિણમાં પોતાને ટકાવી રાખવાના હિંદુ સંઘર્ષો, રાજપૂત પરાક્રમોની આશ્ચર્યકારક ગાથા, મહારાષ્ટ્રમાં રાષ્ટ્રજીવનનો સમાજના નીચલામાં નીચલા થરને ભેદનો મહાન વિપ્લવ, શીખ ખાલસાનો નોંધપાત્ર પ્રસંગ, આ બહારના જીવનનું અનુરૂપ ચિત્ર ખડું કરવાનું બાકી છે; એક વાર એમ થયે ઘણી બનાવટોનો અંત આવશે.

(એજન : ૨૦૪-૨૦૫)

*

## *બળ–તાતી જરૂરિયાત*

*આપણી પાસે અન્ય સર્વ કંઈ છે, પરંતુ આપણી પાસે બળ નથી, આપણે ઊર્જારહિત છીએ. આપણે શક્તિનો ત્યાગ કર્યો છે. આપણાં હૃદયોમાં, આપણાં મગજોમાં, આપણા બાહુઓમાં શ્રી માતાજી રહ્યાં નથી.*

(CWSA 6 : 80)

# ભારતમાતાનો દેહ

**ભારતનો દેહ**

પ્રજાની ફિલસૂફી અને તેની ઉન્નત વિચારણા આપણને તેના જીવનની ચેતના અને અસ્તિત્વની જીવંત દૃષ્ટિનું માનસિક રીતે શુદ્ધ, વિશાળ અને સામાન્ય આકારનું દર્શન કરાવે છે. તેનો ધર્મ પોતાના ઉચ્ચતમ આદર્શ અને જુસ્સાને ચરિતાર્થ કરતા ઊર્ધ્વાભિમુખી સંકલ્પ અને આત્માની અભીપ્સાની અત્યંત પ્રબળ આકૃતિનું દર્શન કરાવે છે. તેની કળામાં, કાવ્યમાં, સાહિત્યમાં આપણને તેનાં અંતઃપ્રેરણા, કલ્પના, પ્રાણની ગતિ અને સર્જનાત્મક સૂઝનું સર્જનશીલ પ્રગટીકરણ અને છાપ જોવા મળે છે. તેની સમાજરચનામાં તેમ જ રાજકારણમાં તેનું બાહ્ય જીવન જે માળખું ઊભું કરે છે, તેના પ્રેરક આદર્શો અને ચારેબાજુની પરિસ્થિતિને લઈને જે એક પ્રકારનું નિશ્ચિત રૂપ અને પ્રકૃતિ ધારણ કરે છે, તેનું દર્શન આપણને થાય છે. સમગ્ર જીવનના અણખેડાયેલા ઉપાદાન માંથી તેણે કેટલું લીધું, તેનું તેણે શું કર્યું, પોતાની જીવનદર્શક ચેતના અને ઊંડાણની ભાવનાને પ્રતિબિંબિત કરી શકે એવી કેટલી ચીજોને તેણે યથાશક્તિ ઢાળ આપ્યો, આ બધું આપણે જોઈ શકીએ છીએ. આમાંનું કોઈ પણ એક પાસું તેના પાછળ રહેલા સમગ્ર ગુપ્ત આત્માને પ્રગટ કરતું નથી, છતાં તેમાંથી તેના મુખ્ય વિચારો, તેની સંસ્કૃતિનો ઢાંચો ઘડાય છે. આ બધું મળીને તેનો આત્મા, તેનું મન અને તેનો દેહ બને છે. ભારતીય સંસ્કૃતિમાં દર્શન અને ધર્મ પ્રેરકબળો છેઃ દર્શન ધર્મને લઈને જીવંત બને છે. ધર્મ દર્શનને લઈને પ્રકાશિત થાય છે, અને અન્ય સૌ પોતપોતાની રીતે તેને અનુસરે છે. ભારતીય સંસ્કૃતિનું આ એક આગવું સ્વરૂપ છે. એશિયાની અન્ય વધુ વિકસિત પ્રજાઓની સાથે તેને તે માણી રહ્યું છે. પરંતુ ભારતે અસાધારણ રીતે તેને પોતાના સર્વ ક્ષેત્રોમાં પૂર્ણ ભાવે વ્યાપક બનાવ્યું છે. જ્યારે તેને બ્રાહ્મણસંસ્કૃતિને નામે ઓળખાવવામાં આવે છે, ત્યારે તેનું તે યથાર્થ સૂચન કરે છે. આનો અર્થ એવો નથી કે તેમાં ગર્ભિત રીતે પુરોહિતવાદનું પ્રભુત્વ આવતું હોય, જો કે સંસ્કૃતિના કેટલાક નિમ્ન પ્રકારોમાં પૌરોહિત્ય–માનસ વધુ આગળ પડતું જણાય છે; કારણ કે ખરી રીતે જોતાં સંસ્કૃતિની મહત્ત્વની બાબતનાં ઘડતરમાં પુરોહિતનો કોઈ હિસ્સો નહોતો. હા, એક વાત ખરી કે તેનાં મુખ્ય પ્રેરક બળોનું ઘડતર તાત્ત્વિક વિચારકોએ તેમ જ ધાર્મિક ચિંતકોએ કર્યું છે, અને તેમાંના બધા જ કંઈ જન્મે બ્રાહ્મણ નહોતા. એક એવો વર્ગ વિકસ્યો કે જેનું કાર્ય આધ્યાત્મિક પરંપરા, જ્ઞાન અને જાતિના શાસ્ત્રને ટકાવી રાખવાનું હતું, એ હકીકત, – કારણ કે બ્રાહ્મણનો ખરો વ્યવસાય પુરોહિતનો નહિ, પણ આ જ હતો, – અને વળી આ જ વર્ગ હજારો વર્ષો લગી ઘણે ભાગે ઈજારાશાહીની ગંધ વગર, રાષ્ટ્રીય માનસને અને અંતઃકરણને તેમ જ સામાજિક સિદ્ધાન્તો, સ્વરૂપો અને રીતભાતોને પાળીપોષીને નભાવે, એ માત્ર એક

લાક્ષણિક સૂચન ગણી શકાય. આની પાછળની વાત એ છે કે ભારતીય સંસ્કૃતિ શરૂથી કે અત્યાર લગી એક આધ્યાત્મિક, એક આંતરદર્શી ધાર્મિક તેમ જ તાત્ત્વિક સંસ્કૃતિ રહી છે. બીજી કોઈ પણ બાબત આ એક તેની મધ્યવર્તી અને મૌલિક વિશિષ્ટતામાંથી નિષ્પન્ન થઈ છે અથવા તો કંઈક અંશે તેના પર નિર્ભર છે અથવા અધીન છે; બાહ્ય જીવનને પણ આત્માના આંતર દર્શનને અધીન બનાવવામાં આવ્યું છે. (એજન : ૫૭-૫૮)

*

## ભારતની એકતા

પરંતુ આધ્યાત્મિક એકતા એક વિશાળ અને નમનીય વસ્તુ છે, રાજનૈતિક કે બાહ્યિકની માફક તે કેન્દ્રીકરણ અને એકરૂપતાનો આગ્રહ રાખતી નથી; સાચું પૂછો તો, પ્રણાલિકામાં તે વ્યાપકભાવે રહે છે અને જીવનની બૃહદ વિવિધતા અને તેના સ્વાતંત્ર્યને સહજભાવે આવકારે છે. અહીં આપણે પ્રાચીન ભારતની એકીકરણની સમસ્યાઓમાં રહેલી મુશ્કેલીના રહસ્યને સ્પર્શીએ છીએ. કોઈ કેન્દ્રીકૃત એકરૂપ શાહી રાજ્યનાં સામાન્ય સાધનો વડે તે થઈ શકે તેમ ન હતું; કારણ કે, એ આવીને મુક્ત માર્ગભેદો, સ્થાનિક સ્વાયત્તાતાઓ, સ્થાપિત સામાજિક સ્વતંત્રતાઓને વિકસાવનારાં બળોને કચડી નાખે. જ્યારે જ્યારે આ દિશામાં પ્રયાસ થયો હતો ત્યારે ત્યારે લાંબા સમયની દેખીતી સફળતા હોવા છતાં તે નિષ્ફળ નીવડ્યો હતો; આપણે એમ પણ કહી શકીએ કે ભારતના ભાગ્યવિધાતાઓએ દૂરંદેશી ભાવે તેને નિષ્ફળ થવા દીધો હતો, જેથી કરીને ભારતનો અંતરાત્મા નાશ ન પામે, તેનો આત્મા તેના જીવનનાં ઊંડાં સ્ત્રોતોનો એક કામચલાઉ સહીસલામતીના ચંત્રોપકરણને માટે અદલોબદલો ન કરી બેસે. ભારતના પ્રાચીન ચિત્તને પોતાની આવશ્યકતાની આંતરસૂઝ હતી; તેનો સામ્રાજ્યનો વિચાર એક સમન્વયકારી ધોરણ હતું, જે પ્રત્યેક હયાતી ધરાવતી પ્રાદેશિક તેમ જ સામુહિક સ્વતંત્રતાને માન આપતું, જે વિનાકારણ કોઈ જાગ્રત સ્વાયત્તતાને કચડતું નહિ, જે તેના જીવનનો એક સમન્વય, નહિ કે યાંત્રિક એકતા, સાધતું. પાછળ જતાં, જે પરિસ્થિતિઓને આધારે આ પ્રકારનું નિરાકરણ સહેલાઈથી વિકાસ પામી શક્યું હોત અને તેને તેનાં ખરાં સાધનો, આકાર અને પાયો પ્રાપ્ત થયાં હોત, તે અલોપ થઈ ગયું અને તેને બદલે એક વહીવટી સામ્રાજ્ય સ્થાપવાનો પ્રયાસ શરૂ થયો. તાત્કાલિક અને બાહ્ય જરૂરિયાતના દબાણથી દોરવાઈ જઈને શરૂ થયેલો તે પ્રયાસ તેની મહાનતા અને ગૌરવ હોવા છતાં પૂર્ણ સફળતા મેળવી શક્યો નહિ. આ થઈ શક્યું નહિ, કારણ કે, તે એવા વલણને અનુસર્યો, જે ભારતની ભાવનાના સાચા વલણની સાથે સુસંગત નીવડ્યો નહિ. આપણને એ જોવા મળે છે કે ભારતીય રાજકીય – સામાજિક પ્રણાલિકાનો અંતર્ગત સિદ્ધાન્ત સમૂહોની સ્વાયત્તતા, ગામની, શહેરની અને રાજધાનીની, જ્ઞાતિની, શ્રેણીની, કુટુંબની, કુળની, ધાર્મિક જાતિની તેમ જ પ્રાદેશિક એકમની સ્વાયત્તતાનો સમન્વય કરવાનો હતો.

(એજન : ૪૦૧-૪૦૨)

*

**સંઘીય એકતા**

મહાભારતમાં અને રામાયણમાં આ આદર્શનો પૂર્ણ વિકાસ જોવામાં આવે છે. મહાભારત આવું એક સામ્રાજ્ય, ધર્મરાજ્ય, સ્થાપવાના પ્રયાસનો કદાચ એક ઐતિહાસિક, અથવા પૌરાણિક પુરાવો છે. એમાં આ આદર્શને એવો અત્યાવશ્યક અને વિશાળ ભાવે સ્વીકારાયેલો વર્ણવાયો છે કે ઉપદ્રવકારી શિશુપાલને, યુધિષ્ઠિર ધર્મપ્રેરિત કાર્યને અમલમાં મૂકી રહ્યા હતા એ દલીલને આધારે, શરણાગતિ પ્રત્યે પ્રેરિત થઈને પોતે રાજસૂય યજ્ઞમાં હાજરી આપશે એમ રજૂ કરવામાં આવ્યો છે. રામાયણમાં આપણને આવા એક આદર્શભૂત ધર્મરાજ્યના ચિત્રને, એક દૃઢ સાર્વભૌમ સામ્રાજ્યને, અંકિત થયેલું જોવા મળે છે. અહીં આપણી સમક્ષ જે આદર્શ રજૂ કરવામાં આવ્યો છે તે કોઈ આપખુદ સત્તા નથી, પણ એક સાર્વભૌમ રાજાશાહી છે; તેને શહેર અને પ્રાંતોની તેમ જ સઘળા વર્ગોની સ્વતંત્ર સભાસમિતિઓનો ટેકો મળે છે; રાજતાંત્રિક રાજ્યનો એ એક વિસ્તાર છે, જે ભારતીય પ્રણાલિકાની સામુદાયાદિક સ્વાયત્ત સંસ્થાઓને સમન્વિત કરે છે, ધર્મનું બંધારણ અને તેના કાનૂનને વ્યવસ્થિત કરે છે. વિજયના જે આદર્શની અહીં સ્થાપના કરવામાં આવી છે એ કોઈ એવું વિનાશકારી અને લૂંટફાટ કરનારું આક્રમણ નથી, જે જીતાયેલી જાતિઓની મૌલિક સ્વતંત્રતાનો તથા રાજનૈતિક અને સામાજિક સંસ્થાઓનો નાશ કરે, તથા પરાજય પામેલી પ્રજાઓની આર્થિક સાધનસંપત્તિનું શોષણ કરે. એ તો એક યજ્ઞસંબંધી પ્રગતિશીલતા હતી, જેને લઈને લડાયક શક્તિની કસોટી થતી, અને તેનું ફળ સહેલાઈથી સ્વીકારી લેવામાં આવતું; કારણ કે, પરાજયને લઈને થતું અપમાન કે ગુલામી તેમ જ સહન કરવાપણું તેની સાથે સંકળાયેલાં નહોતાં. માત્ર જે પરાજિત હોય તેણે સર્વોપરિ સત્તાની સાથે જોડાઈ જવું પડતું, જેને લઈને તેની શક્તિમાં અભિવૃદ્ધિ થતી હતી; અને આ સર્વોપરિ સત્તાનો ઉદ્દેશ્ય કેવળ રાષ્ટ્ર અને ધર્મની પ્રત્યક્ષ એકતા સ્થાપિત કરવાનો હતો. આ બાબતમાં પ્રાચીન ઋષિઓનો આદર્શ સ્પષ્ટ છે; ભારતની વિભક્ત અને પરસ્પર લડતી-ઝઘડતી જાતિઓને એકતામાં સાંકળવાની રાજનૈતિક ઉપયોગિતા તેમ જ આવશ્યકતા તેમણે સ્પષ્ટ રૂપમાં જોઈ હતી; પરંતુ સાથે સાથે તેમણે એ પણ જોયું હતું કે તે પ્રાપ્તિ પ્રાદેશિક જાતિઓના સ્વતંત્ર જીવનનું કે સામુદાયિક સ્વાધીનતાનું બલિદાન દઈને કરવી ઈષ્ટ નથી, અને તેથી કરીને કેન્દ્રીભૂત રાજ્યતંત્ર વા એક કઠોર એકાત્મક શાહી રાજ્ય દ્વારા તે કરવી ન જોઈએ. (એજન : ૪૦૪-૪૦૫)

*

# વૃત્ત વિશેષ

સમગ્ર ભારત અને વિદેશોમાં ૧૫મી ઓગસ્ટ, ૨૦૨૨, શ્રી અરવિન્દની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી શ્રદ્ધા, ભક્તિપૂર્વક કરવામાં આવી. શ્રી અરવિન્દ આશ્રમ, પુદુચેરી તેમ જ દેશભરનાં શ્રી અરવિન્દ સાધના કેન્દ્રો ઉપર આયોજિત કાર્યક્રમોની વિગતો પ્રાપ્ત થઈ રહી છે.

શ્રી અરવિન્દ નિવાસ (પાવન પવિત્ર ધામ) મુકામે વહેલી સવારે દિવ્ય અગ્નિ (Bonne Fire)નું પ્રાગટ્ય તથા ઉષાનું આહ્‌વાન કરતા વેદમંત્રોનો ઉચ્ચાર કરવામાં આવ્યો હતો. સવારે ૭-૦૦ વાગ્યે શ્રી માતાજીના ધ્વજનું આરોહણ કરવામાં આવ્યું. પછી ૯-૩૦ વાગ્યે શ્રી અરવિન્દ અને શ્રી માતાજીના દિવ્યાંશની સમાધિ પર યોગયુક્તા પ્રકાશન દ્વારા પ્રકાશિત સાવિત્રીશબ્દામૃત શ્રેણીનાં પુસ્તકોમાંનું ૧૪મું પુસ્તક શ્રી શરદભાઈ જોશી, અધ્યક્ષ શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરાના શુભ હસ્તે શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં ચરણકમલોમાં સઘન હાજરી સભર વાતાવરણમાં કરવામાં આવ્યું હતું. સવારે ૧૦-૦૦થી ૧૦-૩૦ દરમિયાન સમૂહધ્યાનનું આયોજન થયું હતું. સાંજે ૫-૦૦ કલાકે અખંડ ભારતના નકશાને વંદન સહ માર્ચ-પાસ્ટનું આયોજન તેમ જ વંદેમાતરમ્ તથા શ્રી અરવિન્દ રચિત દુર્ગાસ્તોત્રનું ગાન કરવામાં આવ્યું હતું. સાંજે ૬-૦૦થી ૬-૩૦ દરમિયાન સમૂહધ્યાન અને ત્યારબાદ પ્રસાદ વિતરણનો કાર્યક્રમ થયો. ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ શ્રી અરવિન્દે ભારતવાસીઓને પાઠવેલ શકવર્તી સંદેશનું વિતરણ સર્વ અભીપ્સુઓને કરવામાં આવ્યું હતું. ૧૫મી ઓગસ્ટ, શ્રી અરવિન્દની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપ આશ્રમવાસીઓની દુર્લભ છબીઓનું કલાત્મક પ્રદર્શન શ્રી નરેન્દ્ર પટેલ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. શ્રી અરવિન્દ નિવાસની મુલાકાતે આવેલ સર્વેએ પ્રદર્શન નિહાળી આનંદ વ્યક્ત કર્યો હતો. અન્ય એક પ્રદર્શન શ્રી અંબુભાઈ પુરાણી ખંડમાં કરવામાં આવ્યું હતું. કળાકાર શ્રીમતી યુક્તા ઠક્કરે ફેબ્રીક કલરથી તૈયાર કરેલાં પુષ્પોનાં ચિત્રો, (પુષ્પોનાં આધ્યાત્મિક નામો સહિત) શ્રી માતાજીનાં પ્રતીકો તેમ જ મોરનાં ચિત્રોનું પ્રદર્શન ત્રણ દિવસો દરમિયાન યોજવામાં આવ્યું હતું. સર્વે મુલાકાતીઓએ ચિત્રો નિહાળી પ્રસન્નતા અભિવ્યક્ત કરી હતી. અન્ય એક અનુપમ પ્રદર્શન શ્રી અરવિન્દ નિવાસના બગીચાઓમાં યોજવામાં આવ્યું હતું. બગીચાઓમાંના પુષ્પછોડ પાસે એ પુષ્પોને શ્રી માતાજીએ આપેલાં આધ્યાત્મિક નામ તથા એનાં મૂળ નામો સહિતની રંગબેરંગી પ્લેટ મૂકવામાં આવી હતી. નિવાસમાં સેવાકાર્ય કરતા યુવાન ભાઈ-બહેનોએ આ અદ્‌ભુત કાર્ય કર્યું છે. આવો પ્રયોગ પ્રથમ વખત થયો, લોકોને પુષ્પોનાં આધ્યાત્મિક નામો યાદ રાખવામાં આ પ્રયોગ ખૂબ જ સહાયકર્તા થયો. શ્રી અરવિન્દ નિવાસના સેવક શ્રી ગટુભાઈ કહારે શ્રી અરવિન્દની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપ શ્રી અરવિન્દના ચાંદીના સિક્કા ઉપર સુવર્ણનો ઢોળ ચઢાવી સિક્કાઓનો ઉપયોગ કરી : 150 Years - ALL LIFE IS YOGA લખેલી સુંદર પ્લેટ તૈયાર કરી છે. આ પ્રસંગે શ્રી અરવિન્દ નિવાસ સાથે વર્ષોથી સંકળાયેલા પ્રત્યેક કુટુંબ દીઠ એક અતિ સુંદર સ્મૃતિભેટ શ્રી ગટુભાઈએ સર્વને આપી હતી. આવું અવિસ્મરણીય કાર્યકરી શ્રી ગટુભાઈ સર્વના અભિનંદનના અધિકારી બન્યા છે. શહેરના પ્રબુદ્ધજનો, ફેકલ્ટી

ઑફ ટેકનોલોજીના છાત્રો, તેમ જ અન્ય સંસ્થાઓના સભ્યોએ મોટી સંખ્યામાં શ્રી અરવિન્દ નિવાસની મુલાકાત લઈ શ્રી અરવિન્દને ભવ્ય સ્રણાંજલિઓ અર્પણ કરી હતી. શ્રી અરવિન્દના જન્મશતાબ્દી વર્ષ ૧૯૭૨માં જે વાતાવરણ હતું તેવું જ, બલ્કે કદાચ વધુ સઘન વાતાવરણ શ્રી અરવિન્દ નિવાસ અને એના પ્રાંગણમાં સર્જાયું હતું. *(અહેવાલ : તંત્રી)*

*

૧૫મી ઓગસ્ટ અગાઉ મહિનાઓથી વિધવિધ વિષયો પર વક્તવ્યોનાં આયોજનો દ્વારા તેમ જ સાંસ્કૃતિક કાર્યક્રમોનાં આયોજનો દ્વારા શ્રી અરવિન્દ - શ્રી માતાજીને ભક્તોએ '**અર્ઘ્ય**' અર્પણ કર્યું. સાંસ્કૃતિક '**અર્ઘ્ય**'ની વિગતો અને એમાં ભાગ લેનાર કલાકારોની વિગતો નીચે મુજબ છે : (૧) તા. ૨૪ જુલાઈ, ૨૨ રવિવાર : આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે શ્રી અરવિન્દની ક્રાંતિકારી રચનાઓ : ભવાની ભારતી અને દુર્ગાસ્તોત્રની પ્રસ્તુતિ. રજૂઆત : શ્રી અરવિન્દ નિવાસ, યુથ ટીમ. (૨) તા. ૨૮ જુલાઈ, ૨૨ ગુરુવાર : શ્રી અરવિન્દના મહાકાવ્ય સાવિત્રી ના પર્વ-૭ માંથી : **triple soul** (ચૈત્યાત્માની ત્રિવિધ શક્તિઓ)નું નાટ્ય વાંચન. રજૂઆત : વીમેન્સ કાઉન્સિલની બહેનો. (૩) તા. ૩૧ જુલાઈ, ૨૨ રવિવાર શ્રી અરવિન્દના શિષ્યો/સાધકોનાં સંસ્મરણોનું નાટ્ય વાંચન. રજૂઆત : નરેન્દ્ર પટેલ. (૪) તા. ૪ ઓગસ્ટ, ૨૨ ગુરુવાર : ભક્તિ ગીતો. રજૂઆત : શ્રી અરવિન્દ સોસાયટી, ભક્તિસંગીત વૃંદ. (૫) તા. ૭ ઓગસ્ટ, ૨૨ રવિવાર ''સાવિત્રી'' - ભાગ-૩ના અંશોની નાટ્યાત્મક પ્રસ્તુતિ. રજૂઆત : શ્રી અરવિન્દ નિવાસ, યુથ ટીમ.

પ્રદર્શનો : (૧) તા. ૧૮ જુલાઈ થી ૨૧ જુલાઈ ૨૨ : શ્રી અરવિન્દ આશ્રમના કલાકારોની કલાકૃતિઓના ફોટોગ્રાફ્સનું પ્રદર્શન, સ્થળ : કોન્ફરન્સ હૉલ, શ્રી અરવિન્દ નિવાસ.

(૨) તા. ૧૨ ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટ ૨૨ : શ્રી માતાજી - શ્રી અરવિન્દ, શ્રી અરવિન્દ આશ્રમ અને સાધકોના દુર્લભ ફોટાઓનું પ્રદર્શન, સ્થળ : કોન્ફરન્સ હૉલ. (૩) ફેબ્રીક કલરનાં ચિત્રોનું પ્રદર્શન. તા. ૧૪થી ૧૬ ઓગસ્ટ. (૪) તા. ૧૧ ઓગસ્ટથી ૧૭ ઓગસ્ટ ૨૨ ફૂલો અને તેમનાં આધ્યાત્મિક રહસ્યો સ્થળ : શ્રી અરવિન્દ નિવાસ પરિસર, ન્યુ હોલ.સાંસ્કૃતિક મહોત્સવમાં ભાગ લેનાર કલાકાર-કસબીઓનાં નામો :- સર્વ શ્રી અદ્વૈત સુતરિયા, અંગિરાબેન પટેલ, આનલ મહેતા, કેતનબેન પટેલ, કૈલાશ જોષી, ક્રિષ્ણાબેન શાહ, ચિરાયુ કોઠી, ચારુલતાબેન મોરે, જિતુભાઈ ભટ્ટ, તેજલબેન મહેતા, દત્તુભાઈ પ્રેસવાલા, દર્શનાબેન જોષી, દિપાબહેન, નરેન્દ્ર પટેલ, નેહાબેન ત્રિવેદી, નેહલબેન શાહ, નીલકંઠ જોષી, પારૂલબેન પટેલ, પ્રદીપ ત્રિવેદી, પાયલબેન શર્મા, પુષ્પાબેન અરગડે, મુકેશભાઈ ઑરોપ્રેમી, મોક્ષશબેન, મિથાલી શ્રીવાસ્તવ, રચનાબેન, રામચંદ્ર, રેનીશભાઈ, રીટાબેન ભટ્ટ, સુભાષભાઈ મોરે, સૌમ્ય મોહંતી, શિલ્પાબેન શાહ, હર્ષાબેન વ્યાસ. શ્રી અરવિન્દ નિવાસમાં યોજાયેલ વક્તવ્યોરૂપી '**અર્ઘ્ય**' ની વિગતો આગામી અંકમાં રજૂ કરીશું. *(અહેવાલ : શ્રી કૈલાસ જોશી)*

*

અતિમનસના અગ્રદૂત, મહાયોગી શ્રી અરવિન્દની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી નિમિત્તે શ્રી અરવિન્દ કેન્દ્ર, લુણાવાડા દ્વારા કબીર આશ્રમના મહંત શ્રી પૂ. પુરુષોત્તમદાસજી સાહેબની અધ્યક્ષતામાં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો પ્રારંભ પ્રાર્થના અને ધ્યાનથી થયો. કેન્દ્રના અધ્યક્ષ શ્રી વાડીભાઈ પટેલે કાર્યક્રમના અધ્યક્ષશ્રીનું ફૂલહારથી

સ્વાગત કર્યું અને હાજર મહેમાનોનો પરિચય કરાવ્યો હતો.

કેન્દ્રના સાધકો ડૉ. શ્રી અરવિન્દભાઈ ત્રિવેદી, શ્રી સુરેશભાઈ શાહ, શ્રી પ્રદીપસિંહ સોલંકી, ડૉ. રમેશભાઈ વાઘેલાએ અનુક્રમે 'શ્રી અરવિન્દ જીવન અને કાર્ય', શ્રી અરવિન્દનો પૂર્ણયોગ, તથા 'શ્રી અરવિન્દનાં પાંચ સ્વપ્નો' વિષયક ટૂંકી રજૂઆતો કરી. પ્રસંગે જનકપુર મિથિલાથી પધારેલ ભજનિકે સંગીતમય ભજન પ્રસ્તુત કર્યું હતું. અતિથિવિશેષ શ્રી પ્રદીપ પટેલ તથા શ્રી બાપુજીભાઈ પટેલે શ્રી અરવિન્દના કરનાળી મંદિરમાંના સાક્ષાત્કાર વિશે, શ્રી અરવિન્દના જીવનના પ્રસંગો વિશે રજૂઆતો કરી હતી. અન્ય વક્તાઓ, શ્રી જયેન્દ્ર પટેલ તથા શ્રી જૈમેશભાઈ પંડ્યાએ પ્રસંગોચિત્ત વાતો કરી હતી. શ્રી કે. એલ. રાણાએ કેન્દ્રની વિધવિધ પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો હતો અને વર્ષ ૨૦૨૦માં કેન્દ્ર દ્વારા પ્રસિદ્ધ અંક 'પૂર્ણતાને પંથે' મહેમાનોને ભેટ અર્પણ કર્યો હતો. કાર્યક્રમનું સાચારુ સંચાલન શ્રી રમણભાઈ પ્રજાપતિએ કર્યું હતું. *(અહેવાલ : શ્રી એલ.એ. રાણા)*

*

## શ્રી અરવિન્દાયન કપડવંજમાં ત્રિવેણી સંગમરૂપ સમારોહ

સમસ્ત ભારતવર્ષ આઝાદીનો અમૃત મહોત્સવ અને શ્રી અરવિન્દની ૧૫૦મી જન્મજયંતી ઊજવી રહ્યું છે ત્યારે કપડવંજના શ્રી અરવિન્દાયનના ઉપક્રમે કવિયત્રી અને લેખિકા પ્રા. ડૉ. પુષ્પાબહેન ભટ્ટના પુસ્તક 'પૉંડિચેરી ડાયરી'નો માતૃચરણારવિન્દે અર્પણવિધિ ૧૫મી ઑગસ્ટે - શ્રી અરવિન્દ - આવિર્ભાવ દિને સંપન્ન થયો.

શ્રી રંગાવધૂતોપાસક શ્રી જગદીશાનંદજીના વરદ હસ્તે શ્રી માતૃચરણારવિન્દે આ પુસ્તક અર્પિત કરવામાં આવ્યું. તેઓશ્રીએ 'મા ! તું હૃદયે વસનારી' પ્રાર્થનાનું સુમધુર ગાન ભાવવાહી રીતે કર્યું. આ પુસ્તકના જ એક કાવ્ય 'મા અરવિન્દનો જન્મદિન'નું ગાન બુલંદ નાદે ભાવોર્મિથી કર્યું. તેઓશ્રીનું ઉદ્‌બોધન અત્યંત પ્રેરક રહ્યું.

''પલપલ તવ નવ જનમ મમ હૃદયે
નવ અભિનવ સુન્દર હે !''

ડૉ. કે. એસ. વર્માએ શબ્દપુષ્પોથી સર્વનું સ્વાગત કર્યું. મંચસ્થ મહાનુભાવોનું અભિવાદન પુષ્પગુચ્છથી કર્યું. તેઓશ્રીએ શ્રી જગદીશાનંદજી તથા લેખિકા પ્રા. ડૉ. પુષ્પાબહેન ભટ્ટનો પરિચય કરાવ્યો. 'પૉંડિચેરી ડાયરી' વિશે સવિશેષ અભિનિવેશથી પરિચય કરાવ્યો. એમણે આ ગ્રંથમાં કવિયત્રીના અધ્યાત્મજીવનની ક્રમિક વિકાસરેખા અંકિત થઈ છે એનો પરિચય પણ કરાવ્યો. એમની અચલ શ્રદ્ધા, અદમ્ય જ્ઞાનપિપાસા, દિવ્ય રૂપાન્તર માટેની તીવ્ર અભીપ્સા અહીં પ્રકટ થવા પામી છે. એમ જણાવ્યું. કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વ સાધકો ધ્યાન-પ્રાર્થના કરી, મહર્ષિ શ્રી અરવિન્દ અને શ્રીમાને પ્રણિપાત કરી, પ્રસાદ લઈ વિસર્જિત થયા. આ શુભ, મંગલ, પુનિત પર્વે સમગ્ર પરિસર દિવ્ય આંદોલનોથી આંદોલિત બની રહ્યો.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. કે. એસ. વર્માએ સુચાર ઢંગથી કર્યું. શ્રી અરવિન્દાયનના અધ્યક્ષશ્રી તખ્તસિંહજી ઝાલાના અધ્યક્ષસ્થાને આ સમારોહ સંપન્ન થયો.

*(અહેવાલ : ડૉ. કે. એસ. વર્મા)*

## નવું પ્રકાશન

(૧) **પોંડિચેરી ડાયરી :** પુષ્પા ભટ્ટ, લેખિકા અને પ્રકાશક : ૧૮, શિવશક્તિ સોસાયટી, વિભાગ-૧, નાની રત્નાકર માતા રોડ, કપડવંજ-૩૮૭૬૨૦. મો. ૯૪૨૯૬૫૪૧૮૯ . ૧/૮ ડેમી. પૃષ્ઠ : ૨૨૪. સારા કાગળ ઉપર સારું છાપકામ અને સુઘડ બાંધણી. મૂલ્ય રૂા. ૨૫૧=૦૦. વર્ષ ૨૦૦૯થી ૨૦૧૫ દરમિયાન, પ્રતિવર્ષ ફેબ્રુઆરી માસમાં પોંડિચેરી આશ્રમમાં કવિયત્રી અને લેખિકા ડૉ. પુષ્પા ભટ્ટના નિવાસ દરમિયાન આ ડાયરીનું લેખનકાર્ય થયું હતું. શ્રી અરવિન્દની ૧૫૦મી જન્મજયંતીના ઉપલક્ષ્યમાં પુષ્પાબહેને આ પુસ્તક અર્ઘ્યરૂપે અર્પણ કર્યું છે.

'હૃદયની ગહનગુહામાં વિરાજિત શ્રી મા, શ્રી અરવિન્દ પ્રતિ જે
પુકારો ઊઠ્યા એ હૃદયોદ્‌ગારો આ પુસ્તકમાં પડઘાય છે.'

ડૉ. પુષ્પાભટ્ટ, ગુજરાતી સાહિત્ય જગતમાં તથા શ્રી અરવિન્દ પરિવારમાં જાણીતું નામ છે. કવિયત્રી અને લેખિકાએ પોતાની દીર્ઘ અને યશસ્વી સર્જનયાત્રા દરમિયાન ૨૦ ઉપરાંત સર્જનો કર્યાં છે. પુષ્પાબહેને સાહિત્યસર્જનમાં પ્રાપ્ત કરેલી સિદ્ધિઓ બદલ શ્રી અરવિન્દ પરિવાર હર્ષની લાગણી અનુભવે છે. પુસ્તકપ્રાપ્તિ માટે પ્રકાશકનો સંપર્ક કરો.

*

(૨) **વેદનું રહસ્ય :** શ્રી અરવિન્દ - **The Secret of the Veda** -નો ગુજરાતી અનુવાદ : અનુવાદક : શાંતિલાલ ઠાકર. પ્રથમ સંસ્કરણ, શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરી - ૬૦૫૦૦૨. પુનઃમુદ્રણ અને વિક્રેતા : શ્રી અરવિન્દ મેમોરિયલ ટ્રસ્ટ, શ્રી અરવિન્દ નિવાસ, દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧. ફોન : ૨૪૧૮૯૭૮ (૦૨૬૫). ૧/૮ ડેમી સાઈઝ. વેદનું રહસ્ય ભાગ-૧ અને ભાગ-૨નું સંયુક્ત પુનઃમુદ્રણ. પૃષ્ઠ સંખ્યા ૭૨૦=૦૦. સારા કાગળ ઉપર સુંદર છાપકામ. રંગબેરંગી સુંદર આવરણ. મૂલ્ય રૂા. ૪૬૦=૦૦. શ્રી અરવિન્દની ૧૫૦મી જન્મજયંતીના વર્ષમાં આ અનુકરણીય કાર્ય થયું છે.' 'શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં મૂળ લખાણો અને એ લખાણોના ગુજરાતી અનુવાદ સમાવતાં પુસ્તકો અપ્રાપ્ય ન રહેવાં જોઈએ.' એવો શુભ સંકલ્પ આપણે સૌ આ પાવન વર્ષમાં કરીએ અને એને સિદ્ધ કરવા પ્રયત્નશીલ રહીએ.

## જાહેર વિનંતી

'**પ્રભુ અર્પણ**' સામયિકના વૃત્તવિશેષ વિભાગમાં પ્રકટ કરવામાં આવતા કેન્દ્રો/સંસ્થાઓના અહેવાલ બાબત ફરી યાદ કરાવવાનું કે અહેવાલ કેન્દ્ર/સંસ્થાના લેટરહેડ ઉપર કાગળની એક જ બાજુએ સુવાચ્ય અક્ષરોમાં લખી જે તે કેન્દ્ર/સંસ્થાના અધિકૃત હોદ્દેદારના સહિ-સિક્કા સાથે મોકલવા વિનંતી છે. વધુમાં જણાવવાનું કે 'પ્રભુ અર્પણ'માં કેવળ શ્રી માતાજી અને શ્રી અરવિન્દનાં જ ફોટોગ્રાફ્સ/ચિત્રો છાપવામાં આવે છે.

*(સેક્રેટરી, શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા)*

## જાહેરાત

યોગયુક્તા પ્રકાશનનાં પુસ્તકો મેળવવા માટે સાધકો/વાચકો મો. ૯૪૨૭૫૪૦૧૯૫ પર સંપર્ક કરે. એમના ઘરની નજીક કેન્દ્ર / શાખા પર એ ઉપલબ્ધ ન પણ હોય. સર્વેને ઘેર બેઠાં પુસ્તકો મળી શકે એવી વ્યવસ્થા ગોઠવી શકાશે.

*

પ્રશ્ન :- 'ભારત વિશેનું આપનું દર્શન શું છે' એમ આપને પૂછવામાં આવે તો એક જ વાક્યમાં આપનો ઉત્તર શું હશે?
શ્રી માતાજી :- ભારતનું સાચું ભાવિ જગતના ગુરુ થવામાં રહેલું છે.

પ્રશ્ન :- એ જ પ્રમાણે હાલની વાસ્તવિક પરિસ્થિતિ જે આપ જોઈ રહ્યાં છો એના વિશે આપને અભિપ્રાય આપવાનું જણાવવામાં આવે તો?
શ્રી માતાજી :- હાલની વાસ્તવિકતા એ મહાન જૂઠાણું છે — જે સનાતન સત્યને છુપાવી રહી છે.

પ્રશ્ન :- આપના મત મુજબ આ દર્શન અને વાસ્તવિકતાની આડે ક્યાં વિઘ્નો આવેલાં છે?
શ્રી માતાજી :- ૧) અજ્ઞાન ૨) ભય ૩) જૂઠાણું.

પ્રશ્ન :- સ્વતંત્રતા બાદ ભારતે એકંદરે જે પ્રગતિ કરી છે તેથી આપને સંતોષ છે?
શ્રી માતાજી :- ના.

પ્રશ્ન :- ભારતના લોકોની સૌથી વધુ ખેદજનક નિષ્ફળતા કઈ?
શ્રી માતાજી :- દિલમાં સચ્ચાઈનો અભાવ. બિનસચ્ચાઈ વિનાશ પ્રતિ દોરી જાય છે.

(વર્ષ ૧૯૭૦-૭૧માં આ પ્રશ્નોત્તરી થઈ હતી.)

Published on 5th of Every Month
Posted on 10th of Every Month at Vadodara HO

RNI NO GUJGUJ/2015/60353
RNP/VDR(E)338/2020-21
VALID UP TO 31/12/2023

(વર્ષ ૦૮ : અંક ૦૯)

વાર્ષિક લવાજમ ₹ ૨૦૦ - છૂટક અંક : ₹ ૨૦ (તા. ૧-૦૪-૨૦૨૧ થી)

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૨૦-૦૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૨૦૦
વિદેશ માટે-હવાઈ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

**Published and Printed by Shri Sharadchandra M. Joshi,**
**on behalf of Sri Aurobindo Society, Vadodara**
**Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.**
**Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.**
**Editor : Shri Kiritkumar Indravadan Thakkar.**